Volume : 10
Issue : 327
Dt.: 31-03-2025
MONDAY
Page:04
Rs.00.50 paisa

RNI No. GUJGUJ/2015/62352

GUJARAT VANSH

# ગુજરાત વંશ

( Published Daily From Ahmedabad )

Editor : HETALBEN J. GAJJAR   Regd. Office : 13, Shiv Shankalp Society, Near Naranpura Post Office, Naranpura, Ahmedabad-380 013 Gujarat, India. M. 9712926375, Email: gujaratvansh@gmail.com, Website : gujaratvansh.com

### મન કી બાતના ૧૨૦મા એપિસોડ દ્વારા વડાપ્રધાને લોકો સાથે વાતચીત કરી

# મોદીએ ઉનાળાના વેકેશનનો સદુપયોગ અને પાણી બચાવવવા વિશે ખાસ સંદેશ આપ્યો

## ૧૩ થી ૧૫ એપ્રિલ વચ્ચે દેશના અલગ-અલગ ભાગોમાં તહેવારોની ધૂમ જોવા મળશે : હું દેશના લોકોને આ તહેવારોની ખૂબ-ખૂબ શુભેચ્છા આપું છું

**(SSS)** નવી દિલ્હી, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મન કી બાત ના ૧૨૦મા એપિસોડમાં લોકો સાથે સંવાદ કર્યો. આ અવસરે તેમણે અનેક વિષયો પર વિસ્તૃત વાત કરી. મોદીએ કહ્યું, "આજે ચૈત્ર માસના શુક્લ પક્ષની પ્રતિપદા તિથિ છે. આજે ચૈત્ર નવરાત્રિની શરૂઆત થઈ રહી છે. આજે ભારતીય નવું વર્ષ પણ શરૂ થઈ રહ્યું છે. આ વખતે વિક્રમ સંવત ૨૦૮૨ શરૂ થઈ રહ્યું છે. મારા સામે ઘણી બધી ચિઠ્ઠીઓ છે. જેમાં લોકોએ પોતાના મનની વાતો લખીને મોકલી છે. આપણા દેશના અલગ-અલગ રાજ્યોમાં આજે અને આગામી કેટલાક દિવસોમાં નવું વર્ષ શરૂ થઈ રહ્યું છે અને આ બધા સંદેશા નવા વર્ષની શુભેચ્છાઓના છે. ૧૩ થી ૧૫ એપ્રિલ વચ્ચે દેશના અલગ-અલગ ભાગોમાં તહેવારોની ધૂમ જોવા મળશે. એટલે કે આ આખો મહિનો તહેવારોનો છે. હું દેશના લોકોને આ તહેવારોની ખૂબ-ખૂબ શુભેચ્છા આપું છું."

તેમણે કહ્યું, "જ્યારે પરીક્ષા આવે છે, ત્યારે હું પરીક્ષા પર ચર્ચા કરું છું. હવે પરીક્ષા શરૂ થઈ ગઈ છે, હવે ઉનાળાની રજાઓનો સમય આવવાનો છે. બાળકો તેની ઉત્સુક્તાથી ખૂબ જ રાહ જોતાં હોય છે. ઉનાળાના દિવસો લાંબા હોય છે. તેમાં બાળકો પાસે કરવા માટે ઘણું બધું હોય છે. આ સમય કોઈ નવી હોબી શીખવાનો છે. આજે એવા પ્લેટફોર્મની કમી નથી, જ્યાં તેઓ ઘણું બધું શીખી શકે છે. આ રજાઓમાં સેવા કાર્યો સાથે જોડાવાનો અવસર છે. મારો ખાસ આગ્રહ છે કે જો કોઈ સંસ્થા આવી પ્રવૃત્તિઓ કરાવી રહી હોય તો **#MyHoliday** સાથે શેર કરો. આથી બાળકો અને તેમના માતાપિતાને પણ માહિતી મળશે. આજે હું આપને માય ભારતના ખાસ કેલેન્ડર વિશે વાત કરીશ, જે સમર વેકેશન માટે તૈયાર કરવામાં આવ્યું છે. આના સ્ટડી ટૂરમાં તમે જાણી શકો છો કે આપણા જન ઔષધી કેન્દ્રો કેવી રીતે કામ કરે છે. તમે સરહદી ગામોમાં અનોખો અનુભવ મેળવી શકો છો. આંબેડકર જયંતી પર પદયાત્રામાં ભાગ લઈને તમે બંધારણના મૂલ્યો વિશે માહિતી ફેલાવી શકો છો. તમે તમારા અનુભવોને **#HolidayMemories** સાથે શેર કરો." વડાપ્રધાન મોદીએ કહ્યું, "ઉનાળાની ઋતુમાં પાણી બચાવવાનું અભિયાન પણ શરૂ થઈ જાય છે. વિવિધ જગ્યાઓ પર વોટર હાર્વેસ્ટિંગનું કામ શરૂ થઈ ગયું છે. આ



માટે અલગ-અલગ સંસ્થાઓ કામ કરે છે. આ વખતે પણ કેચ ધ રેન અભિયાન માટે કમર કસી લેવામાં આવી છે. આ અભિયાન સરકારનું નહીં પરંતુ જનતાનું અભિયાન છે. પ્રયત્ન એ છે કે જે કુદરતી સંસાધનો આપણને મળ્યા છે, તે આગામી પેઢી સુધી પહોંચાડવા છે. આ અભિયાન હેઠળ છેલ્લા કેટલાક વર્ષોમાં દેશના ઘણા ભાગોમાં પાણીના સંરક્ષણના ઘણા રસપ્રદ કામ થયા છે. હું તમને એક રસપ્રદ આંકડો આપું છું. છેલ્લા ૭-૮ વર્ષમાં નવા બનેલા ટેંક, અને તળાવ **water recharge structure Úke 11 billion cubic meter** થી પણ વધુ પાણીનું સંરક્ષણ થયું છે. તમે પણ સામુદાયિક સ્તરે આવા પ્રયત્નો સાથે જોડાઈ શકો છો. તમે હમણાંથી યોજના જરૂર બનાવો. શક્ય હોય તો તમારા ઘરના આગળ માટલામાં ઠંડુ પાણી જરૂર રાખો. આ પુણ્ય કાર્ય કરીને તમને સારું લાગશે." તેમણે કહ્યું, "કેટલાક દિવસો પહેલા સંપન્ન થયેલા ખેલો ઈન્ડિયા પેરા ગેમ્સમાં ખેલાડીઓએ પોતાની મહેનત અને પ્રતિભાથી બધાને ચોંકાવી દીધા. આ વખતે પહેલા કરતા વધુ ખેલાડીઓએ ભાગ લીધો. હું આવા ખેલાડીઓને તેમના શાનદાર પ્રયત્નો માટે અભિનંદન આપું છું. આ રમતો દરમિયાન દિવ્યાંગ ખેલાડીઓએ ૧૮ રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યા, જેમાંથી ૧૨ તો મહિલાઓના નામે રહ્યા. હું આપણા દિવ્યાંગ સાથીઓને કહેવા માંગું છું કે તમારા પ્રયત્નો અમારે માટે પ્રેરણા છે. આપણી સ્વદેશી રમતો હવે ખૂબ જ લોકપ્રિય થઈ રહી છે. ફેમસ રેપ્પર હનુમાનકાઈન્ડને તો તમે બધા જાણતા જ હશો. આજકાલ તેમનું નવું સોંગ **"Run It Up"** ખૂબ જ ફેમસ થઈ રહ્યું છે. તેમાં કલારિપયટ્ટુ, ગતકા અને થાંગ-તા જેવી આપણી પરંપરાગત માર્શલ આર્ટ્સને સામેલ કરવામાં આવી છે. દિલ્હીમાં એક ભવ્ય આયોજન લોકોએ ખૂબ પ્રેરણા આપી છે, ઉત્સાહથી ભર્યું છે. અહીં એક ઈનોવેટિવ આઈડિયા તરીકે પહેલી વાર ફિટ ઈન્ડિયા કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યું. તેમાં અલગ-અલગ ક્ષેત્રોના લગભગ ૨૫ હજાર લોકોએ ભાગ લીધો. આ બધાનો એક જ લક્ષ્ય હતો - ફિટ રહેવું અને ફિટનેસ વિશે જાગૃતિ ફેલાવવી."વડાપ્રધાન મોદીએ આગળ કહ્યું, "આજે ટેક્સટાઈલ વેસ્ટ એક નવી પડકાર તરીકે સામે આવી છે. આજકાલ જૂના કપડાંને હટાવીને નવા કપડાં લેવાનો ટ્રેન્ડ થઈ ગયો છે. જ્યારે આપણે જૂના કપડાં છોડીએ છીએ ત્યારે તે ટેક્સટાઈલ વેસ્ટ બને છે. માત્ર ૧% ટેક્સટાઈલ વેસ્ટને રિસાયકલ કરવામાં આવે છે.

### ઓડિશામાં મોટી રેલ દુર્ઘટના

# કામાખ્યા એક્સપ્રેસના ૧૧ એસી કોચ પાટા ઉપરથી ઉતરી ગયા

## ચૌદ્વાર વિસ્તારમાં મંગુલી પેસેન્જર હોલ્ટ પાસે ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ : આ દુર્ઘટનામાં સાત લોકો ઈજાગ્રસ્ત

**(SSS)** ભુવનેશ્વર ઓડિશામાં એક મોટો રેલ અકસ્માત થયો છે. અહીં બેંગલુરૂ અને અસમ વચ્ચે ચાલતી કામાખ્યા એક્સપ્રેસના ૧૧ એસી કોચ પાટા પરથી ઉતરી ગયા છે, ત્યારબાદ યાત્રિકોમાં હાહાકાર મચી ગયો હતો. જાણવા મળી રહ્યું છે કે ટ્રેન ચૌદ્વાર વિસ્તારના મંગુલી પેસેન્જર હોલ્ટની પાસે ડીરેલ થઈ છે. રેસ્ક્યુ ઓપરેશન માટે એનડીઆરએફ અને મેડિકલ ટીમ મોકલવામાં આવી હતી. આ દુર્ઘટનામાં સાત લોકો ઈજાગ્રસ્ત થયા છે. ઓડિશાના કટકમાં ચૌદ્વાર પાસે બેંગલુરૂ-કામાખ્યા સુપરફાસ્ટ એક્સપ્રેસ આજે પાટા પરથી ઉતરી ગઈ હતી. ટ્રેનના ૧૧ એસી કોચ ડીરેલ થયા હતા, ત્યારબાદ નીલાચલ એક્સપ્રેસ, ધૌલી એક્સપ્રેસ, પુરૂલિયા એક્સપ્રેસનો રૂટ ડાયવર્ટ કરવામાં આવ્યો છે. ઘટનાસ્થળ પર રાહત અને બચાવ કાર્ય ચાલી રહ્યું છે. મેડિકલ ટીમ, એનડીઆરએફ અને ફાયર બ્રિગેડ કર્મચારી રેસ્ક્યુ ઓપરેશન ચલાવી રહ્યાં છે. ઈસ્ટ કોસ્ટ રેલવેના સીપીઆરઓ અશોક કુમાર મિશ્રાએ જણાવ્યુ કે અમને કામાખ્યા એક્સપ્રેસ (૧૫૫૫૧) ના કેટલાક કોચ પાટા પરથી ઉતરી જવાની સૂચના મળી છે. તેમણે કહ્યું- અત્યાર સુધી મળેલી જાણકારી પ્રમાણે ૧૧ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા છે. કોઈ ઈજાગ્રસ્ત થયું નથી. બધા યાત્રિ સુરક્ષિત છે. દુર્ઘટના રાહત ટ્રેન, ઈમરજન્સી મેડિકલ ઉપકરણ મોકલવામાં આવ્યા છે. સીપીઆરઓએ જણાવ્યું કે રેલવેના વરિષ્ઠ અધિકારીઓ પણ ટૂંક સમયમાં ઘટનાસ્થળે પહોંચવાના છે. **DRM** ખુર્દા રોડ, **GM/ECOR** અને અન્ય વરિષ્ઠ સ્તરના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા છે. તેમણે કહ્યું કે તપાસ બાદ જ ખબર પડશે કે આ ઘટના કેવી રીતે બની. અમારી પ્રથમ પ્રાથમિકતા રૂટ પર રાહ જોઈ રહેલી ટ્રેનોને ડાયવર્ટ કરવાની અને રિસ્ટોરેશનની કામગીરી શરૂ કરવાની છે. કામાખ્યા એક્સપ્રેસના પાટા પરથી ઉતરી જવાની ઘટના પર આસામના સીએમ હિમંતા બિસ્વા સરમાએ કહ્યું, મને ઓડિશામાં ૧૨૫૫૧ કામાખ્યા એક્સપ્રેસ સાથે સંબંધિત ઘટના વિશે માહિતી મળી છે. આસામના સીએમઓ ઓડિશા સરકાર અને રેલવેના સંપર્કમાં છે. અમે તમામ અસરગ્રસ્તોનો સંપર્ક કરીશું.

### ભારતમાં દેખાયો ઈદનો ચાંદ

# આજે દેશમાં ધૂમધામથી મનાવાશે ઈદ-ઉલ-ફિત્ર

**(SSS)** નવી દિલ્હી આવતીકાલે સોમવાર (૩૧ માર્ચ, ૨૦૨૫) ના રોજ દેશભરમાં ઈદની ઉજવણી કરવામાં આવશે. લખનૌમાં ઈદનો ચાંદ દેખાયો છે. ઈદગાહ ઈમામ મરકઝી ચાંદ કમિટીના પ્રમુખ ખાલિદ રશીદ ફરંગીએ જાહેરાત કરી છે કે આજે ઈદનો ચાંદ દેખાયો છે અને ઈદ આવતીકાલે ૩૧ માર્ચે ઉજવવામાં આવશે. ઈદનો તહેવાર નજીક આવતાં બજારોમાં ભારે ભીડ જોવા મળી હતી. તૈયાર કપડાં અને જૂતાની દુકાનોમાં ખરીદદારોની ભીડ ઉમટી પડી, જેને લઈને બજારો ધમધમી ઉઠી છે. ત્યારે, રમઝાનના છેલ્લા દિવસોને ધ્યાનમાં રાખીને પોલીસ વહીવટીતંત્રે લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે બજારો અને મંદિરોમાં કડક સુરક્ષા વ્યવસ્થા કરી છે.

# ચેન્નાઈમાં સ્પાઈસ જેટની ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ

**(SSS)** ચેન્નાઈ, રાજસ્થાનના જયપુરથી એક ફ્લાઈટનું ચેન્નાઈ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું.. ફ્લાઈટે જયપુર એરપોર્ટ પરથી ઉડાન ભરી હતી, પરંતુ ટેકનિકલ ખામીને કારણે તેનું ચેન્નાઈ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું.જેના કારણે પ્લેનમાં સવાર લોકોમાં ગભરાટનો માહોલ છવાયો હતો. ફ્લાઈટ જયપુર એરપોર્ટ પરથી ઉડાન ભરી હતી રાજસ્થાનના જયપુરથી એક ફ્લાઈટનું ચેન્નાઈ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું છે. ફ્લાઈટે જયપુર એરપોર્ટ પરથી ઉડાન ભરી હતી, પરંતુ ટેકનિકલ ખામીને કારણે તેનું ચેન્નાઈ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું. લેન્ડિંગ આજે સવારે લગભગ ૫.૪૬ વાગ્યે થયું હતું. પ્રાથમિક તપાસમાં વિમાનનું વ્હીલ તુટેલું જણાયું હતું. તેમ છતાં પ્લેનમાં ટેકનિકલ ખામીના કારણોની શોધ હજુ ચાલુ છે.

### હિમાલચમાં સૌથી વધુ ૩૮ દવાના સેમ્પલ ફેલ

# ગુજરાત સહિત દેશભરમાં બનેલી ૧૦૩ દવાઓના સેમ્પલ ફેલ

## આ સેમ્પલોમાં ઉધરસ, શરદી, એલર્જી, દર્દ નિવારણ, વિટામિન તેમજ હ્રદયરોગમાં પ્રયોગ થતી દવાઓના સેમ્પલોનો સમાવેશ થાય છે

**(SSS)** નવી દિલ્હી સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન **(CDSCO)** અને સ્ટેટ ડ્રગ ઓથોરિટીની તપાસમાં દેશભરમાં બનેલી ૧૦૩ દવાઓના સેમ્પલ ફેલ થયા છે. આ સેમ્પલોમાં ઉધરસ, શરદી, એલર્જી, દર્દ નિવારણ, વિટામિન તેમજ હ્રદયરોગમાં પ્રયોગ થતી દવાઓના સેમ્પલોનો સમાવેશ થાય છે. સૌથી વધુ હિમાચલ પ્રદેશમાં બનેલી ૩૮ દવાઓ ખરાબ હોવાનું સામે આવ્યું છે. દેશભરમાં દવા ગુણવત્તાની તપાસ કરાયા બાદ સૌથી વધુ હિમાચલ પ્રદેશમાં બનેલી ૩૮ દવાઓના સેમ્પલો ફેલ થયા છે. ત્યારબાદ ઉત્તરાખંડમાં ૧૧, ગુજરાત અને પંજાબમાં ૯-૯ દવાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, તેલંગાણા, આસામ, તમિલનાડુના ઉદ્યોગોમાં બનેલી દવાઓના સેમ્પલ પણ ફેલ થયા છે. સીડીએસસીઓના જણાવ્યા મુજબ દેશભરમાંથી ૪૭ દવાઓના સેમ્પલ ફેલ હોવાનું સામે આવ્યું છે, જ્યારે રાજ્ય ડ્રગ્ર ઓથોરિટીની તપાસમાં દેશભરની ૫૬ દવાઓના ગુણવત્તા યોગ્ય મળી આવી નથી. નીચલી ગુણવત્તાની દવાઓ મળી આવ્યા બાદ **CDSCO**ઓએ તમામ રાજ્યોના ડ્રગ કન્ટ્રોલરને યાદી જાહેર કરી છે અને જ્યાંથી દવાઓ ફેલ થઈ છે, તેમની સામે કાર્યવાહી કરવાના આદેશ આપ્યા છે.

દવાઓની ટેસ્ટિંગ દરમિયાન મોટાભાગની દવાઓમાં ધૂળના કણો મળી આવ્યા છે. આ ઉપરાંત મિસ બ્રાન્ડેડ એટલે કે લેવલમાં પણ ભૂલો જોવા મળી છે. જે મુજબ દવાઓ પર માત્રા લખાઈ છે, તેટલી માત્રા પણ દવામાં ન હોવાનું સામે આવ્યું છે. તેમજ કેટલીક નકલી દવાઓ હોવાનો પણ ખુલાસો થયો છે. તપાસમાં હ્રદય રોગ અને બ્લડ પ્રેશરને નિયંત્રિત કરતી **Telma H 40 mg** દવા નકલી હોવાનું સામે આવ્યું છે. આ દવા પર ઉલ્લેખિત ઉદ્યોગની પૂછપરછ કરાતા તેઓએ બેચ અજાણી હોવાનું કહ્યું છે.

**CDSCO**એ દવાના ધોરણો ચકાસતા હિમાચલ પ્રદેશની ૨૧, ઉત્તરાખંડની ૧૦, ઓડિશાની એક, ગુજરાતની સાત, મધ્ય પ્રદેશની એક, પંજાબની બે, કર્ણાટકની એક, બંગાળની બે, ઉત્તર પ્રદેશની એક, તેલંગણાની એક દવાનું સેમ્પલ ફેલ હોવાનો ખુલાસો થયો છે. જ્યારે રાજ્ય ડ્રગ્ર ઓથોરિટીએ દવાના ધોરણોની તપાસ કરતા હિમાચલ પ્રદેશની ૧૭, પંજાબ અને કેરળની સાત-સાત, મધ્ય પ્રદેશની છ, પુડુચેરી અને તમિલનાડુની ચાર-ચાર, તેલંગણાની ત્રણ, ગુજરાતની બે અને હરિયાણા, મહારાષ્ટ્ર, ઉત્તરાખંડ, આસામ, બંગાળ, કર્ણાટકની એક-એક દવાના સેમ્પલ ફેલ થયા છે.

### છેલ્લા ૩ મહિનામાં ૧૧૬નું એનકાઉન્ટર

# PM મોદીની મુલાકાત પહેલાં ૫૦ નક્સલવાદીઓનું સરન્ડર

## નક્સલવાદીઓએ છત્તીસગઢ પોલીસ-સીઆરપીએફના વરિષ્ઠ અધિકારીઓ સમક્ષ હથિયાર ફેંકી સરન્ડર કર્યું હતું

**(SSS)** બીજાપુર, છત્તીસગઢમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાતના થોડા કલાક પહેલાં જ બીજાપુર જિલ્લામાં ૫૦ નક્સલવાદીઓએ સરન્ડર કર્યું છે. જેમાં ૧૪ પર કુલ રૂ. ૬૮ લાખનું ઈનામ હતું. સીઆરપીએફ દ્વારા આ અંગે માહિતી આપવામાં આવી હતી. નક્સલવાદીઓએ છત્તીસગઢ પોલીસ અને સીઆરપીએફના વરિષ્ઠ અધિકારીઓ સમક્ષ હથિયાર ફેંકી સરન્ડર કર્યું હતું.

મીડિયા રિપોર્ટ અનુસાર સરન્ડર કરનારા ૫૦ લોકોમાંથી છ પર આઠ-આઠ લાખનું ઈનામ હતું. જ્યારે અન્ય ત્રણ પર પાંચ-પાંચ લાખ અને અન્ય પાંચ નક્સલીઓ પર એક-એક લાખ રૂપિયાનું ઈનામ સુરક્ષા કર્મીઓએ જાહેર કર્યું હતું. સરન્ડર કરનારા નક્સલીઓએ પ્રતિબંધિત કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માઓવાદી)ના વરિષ્ઠ કાર્યકરો દ્વારા પોકળ અને અમાનવીય માઓવાદી વિચારધારા, આદિવાસીઓનું શોષણ અને ચળવળમાં વધતા જતા મતભેદોને ટાંકીને સરન્ડર કર્યું હોવાનું જણાવ્યું છે. બીજાપુરના વરિષ્ઠ પોલીસ અધિકારી જિતેન્દ્ર કુમાર યાદવે જણાવ્યું હતું કે, દેશને નક્સલ મુક્ત બનાવવાના અભિયાન હેઠળ સુરક્ષા કર્મીઓ ઉગ્ર કાર્યવાહી હાથ ધરી રહ્યા છે. મોટાપાયે સર્ચ ઓપરેશન અને નક્સલીઓને ઠાર મારવાના આદેશના પગલે નક્સલવાદીઓમાં ભયનો માહોલ ફેલાયો છે. સુરક્ષા દળોની છાવણી અને નિયા નેલ્લનાર (તમારૂ સારૂ ગામ) યોજના અમલી બનાવી છે. જેના ભાગરૂપે સિક્યોરિટી ફોર્સ અને પ્રશાસન અંતરિયાળ વિસ્તારોમાં પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવી રહ્યા છીએ. જિલ્લા રિઝર્વ ગાર્ડ **(DRG)**, બસ્તર ફાઈટર્સ, એસટીએફ, સીઆરપીએફ અને કોબ્રાએ નક્સલીઓના સરન્ડરમાં વિશેષ ભૂમિકા નિભાવી છે. નક્સલીઓ આંદોલન છોડી મુખ્યધારામાં સામેલ થાય તે હેતુ સાથે સરકારે નીતિઓ ઘડી છે. આ સરન્ડર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની છત્તીસગઢ મુલાકાતના થોડા કલાકો પહેલાં કરવામાં આવ્યું હતું. સુરક્ષા દળોએ ગઈકાલે શનિવારે છત્તીસગઢના બસ્તર સંભાગમાં સુકમા અને બીજાપુર જિલ્લામાં થયેલી બે અથડામણમાં ૧૧ મહિલાઓ સહિત ૧૮ નક્સલીઓને ઠાર માર્યા છે. આ વર્ષે અત્યારસુધી રાજ્યમાં જુદી-જુદી અથડામણમાં ૧૧૬ નક્સલી માર્યા ગયા છે.

### ઈમેલ પાઠવી કહ્યું સ્વેચ્છાએ દેશ છોડો

# અમેરિકાએ F-1 વિઝા રદ કરતાં વિદ્યાર્થીઓમાં ભારે ખળભળાટ

## આ કાર્યવાહી કથિત રૂપે કેમ્પસ એક્ટિવિધઝમમાં ભૌતિક રૂપે સામેલ થનારા વિદ્યાર્થીઓને ટાર્ગેટ કરવાની હતી

**(SSS)** વોશિંગ્ટન, અમેરિકામાં અભ્યાસ કરનારા વિભિન્ન દેશના હજારો વિદ્યાર્થીઓએ તેનમા **F-1** વિઝા અચાનક રદ થવાનો ઈમેલ મળતા હડકંપ મચી ગયો છે. જણાવી દઈએ કે, આ ઈમેલ અમેરિકાના વિદેશ વિભાગ **(DOS)** તરફથી મોકલવામાં આવ્યો છે. જેમાં વિદ્યાર્થીઓને તેમના **F-1** સ્ટૂડેન્ટ વિઝા રદ થયા હોવાની જાણકારી આપવામાં આવી અને ત્યારબાદ તેમને જાતે અમેરિકા મૂકીને જતા રહેવાનો નિર્દેશ કરવામાં આવ્યો છે. એટલે કે, આદેશ છે કે, જો આ વિદ્યાર્થીઓ અમેરિકા છોડીને તાત્કાલિક પોતાના દેશ નહીં જાય તો તેમને પકડીને તેમની સામે કાયદાકીય કાર્યવાહી કરવાની સાથે કોઈ અન્ય દેશમાં પણ ડિપોર્ટ કરવામાં આવી શકે છે. આ કાર્યવાહી કથિત રૂપે કેમ્પસ એક્ટિવિધઝમમાં ભૌતિક રૂપે સામેલ થનારા વિદ્યાર્થીઓને ટાર્ગેટ કરવાની હતી. પરંતુ, હવે આ તેનાથી પણ આગળ વધી ગયું છે. એટલે કે, હવે તેમાં એવા વિદ્યાર્થીઓને પણ ટાર્ગેટ કરવામાં આવે છે, જે વિરોધ પ્રદર્શનમાં ભૌતિક રીતે ભલે સામેલ ન હોય પરંતુ, કોઈપણ પ્રકારે અમેરિકાના રાષ્ટ્ર વિરોધી સોશિયલ મીડિયા પોસ્ટ શેર કરી, લાઈક કરી અથવા કોમેન્ટ કરનારા પણ સામેલ હતાં. આવા તમામ વિદ્યાર્થીઓ હવે કાર્યવાહી હેઠળ તપાસના દાયરામાં આવી ગયા છે. જેનાથી અમેરિકામાં વિદેશી વિદ્યાર્થીઓ માટે અભિવ્યક્તિની સ્વતંત્રતાની સીમા પર ચિંતા વધી ગઈ છે. આ ઈમેલથી પ્રભાવિત લોકોંમાં અમુક ભારતીય વિદ્યાર્થીઓ પણ સામેલ છે. અમેરિકાના વિદેશ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓને મોકલવામાં આવેલા ઈમેલમાં કહેવામાં આવ્યું હતુ કે, તમારા **F-1** વિઝા યુએસ ઈમિગ્રેશન અને રાષ્ટ્રીયતા અધિનિયમની કલમ **221(i)** હેઠળ રદ કરવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીઓને ચેતવણી આપવામાં આવી છે કે, કોઈપણ કાયદાકીય અમેરિકા ઈમિગ્રેશન સ્ટેટસ વિના યુએસમાં રહેવાથી દંડ, અટકાયત અથવા દેશનિકાલ થઈ શકે છે. ઈમેલમાં એ પણ સૂચવવામાં આવ્યું હતું કે વિદ્યાર્થીઓને તેમના વતન સિવાય અન્ય દેશોમાં પણ મોકલવામાં આવી શકે છે. તેથી તે પહેલાં તે અમેરિકા છોડીને સ્વેચ્છાએ જ અમેરિકા છોડી દો. ઈમેલમાં કહેવાયું કે, જો તમે ભવિષ્યમાં યુનાઈટેડ સ્ટેટ્સની મુસાફરી કરવાનો ઈરાદો ધરાવો છો, તો તમારે બીજા યુએસ વિઝા માટે અરજી કરવાની રહેશે અને તે સમયે તમારી પાત્રતા અંગે નિર્ણય લેવામાં આવશે. આ ઈમેલમાં વિદ્યાર્થીઓને ટ્રમ્પ સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી **CBP** હોમ એપનો ઉપયોગ કરવાનો નિર્દેશ કરવામાં આવ્યો છે. જેથી તેમને અમેરિકાથી પરત જવામાં મદદ મળી શકે. આદેશમાં વિદ્યાર્થીઓને રદ કરવામાં આવેલા વિઝાના ઉપયોગ કરવાનો પ્રયાસ ન કરવા પણ ચેતાવણી આપવામાં આવી છે. આ સાથે જ એ વાત પર ભાર મૂકવામાં આવ્યો કે, પ્રસ્થાન કરતાં સમયે અમેરિકન દૂતાવાસ અથવા કોન્સ્યુલેટમાં તેમના પાસપોર્ટ રજૂ કરવાના રહેશે. લેટેસ્ટ આંકડાઓ અનુસાર, ૨૦૨૩-૨૪ શૈક્ષણિક વર્ષ માટે અમેરિકામાં અભ્યાસ કરનારા ૧.૧ મિલિયન આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાંથી ૩,૩૧,૦૦૦ ભારતમાંથી આવે છે. તેથી ભારતીયોની ચિંતા સૌથી વધારે થઈ રહી છે. **F-1** વિઝા એ એક નોન-ઈમિગ્રન્ટ વિઝા છે જે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને માન્યતા પ્રાપ્ત સંસ્થાઓમાં શૈક્ષણિક અભ્યાસ કરવા માટે અમેરિકામાં રહેવાની મંજૂરી આપે છે. આ સંસ્થાઓમાં યુનિવર્સિટીઓ, કોલેજો, ઉચ્ચ શાળાઓ, સેમિનરીઓ, કન્ઝર્વેટરીઝ અને માન્ય ભાષા તાલીમ કાર્યક્રમોનો સમાવેશ થાય છે. અમેરિકાના વિદેશ વિભાગના આંકડા અનુસાર, ભારતીય વિદ્યાર્થીઓ ઐતિહાસિક રૂપે અમેરિકામાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની વસ્તીમાં એક મહત્ત્વપૂર્ણ ભાગ રહ્યાં છે. નોંધનીય છે કે, આ કાર્યવાહી અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયાની ટિપ્પણી બાદ કરવામાં આવી છે. તેમણે જાહેરાત કરી હતી કે, રાષ્ટ્ર વિરોધી ગતિવિધિઓ માટે આંતરરાષ્ટ્રીય સ્ટૂડેન્ટ વિઝા રદ કરી દેવામાં આવ્યા છે. અમેરિકાને એ નક્કી કરવાનો અધિકાર છે કે, કોને પ્રવેશની મંજૂરી આપવામાં આવે. દુનિયાના દરેક દેશોને આ નક્કી કરવાનો અધિકાર છે કે, કોણ મુલાકાતી તરીકે આવશે અને કોણ નહીં.

# તંત્રી લેખ

## લોકોમાં ડિજિટલ એરેસ્ટની ઘટનાઓને લઈને રોષ

કર્ણાટકના બેલગાવી જિલ્લાના ખાનપુરમાં એક વૃદ્ધ દંપતી ડિજિટલ એરેસ્ટનો ભોગ બન્યું હતું, જેમાં ૫૦ લાખ રૂપિયા ગુમાવી દીધા હતા. આટલી મોટી રકમ ગુમાવવાનો આઘાત એટલો લાગ્યો હતો કે આ વૃદ્ધ પતિ-પત્નીએ આત્મહત્યા કરી લીધી હતી. આ ઘટના બાદ લોકોમાં ડિજિટલ એરેસ્ટની ઘટનાઓને લઈને રોષ વધી રહ્યો છે. બેલાગાવી જિલ્લાના ૮૨ વર્ષીય ડિયોગઝેરોન અને તેની ૭૯ વર્ષીય પત્ની ફ્લાવિયાનાનો મૃતદેહ તેમના ઘરેથી મળી આવ્યો છે. સાથે જ એક નોટ મળી આવી છે જેમાં મરતા પહેલા ડિયોગઝેરોને તમામ ખુલાસા કર્યા છે. આ નોટમાં સુમિત બિરા અને અનિલ યાદવ નામના બે વ્યક્તિનો ઉલ્લેખ છે. તેમણે લખ્યું છે કે સુમિતે મને ફોન કર્યો હતો અને દાવો કર્યો હતો કે પોતે દિલ્હીમાં ટેલિકોમ વિભાગમાં અધિકારી છે, અને મને કહ્યું હતું કે તમારા નામે એક સિમકાર્ડ ખરીદવામાં આવ્યું છે જેનો ઉપયોગ લોકોની સાથે ફ્રોડ કે છેતરપિંડી કરવા થઈ રહ્યો છે. બાદમાં તેણે ફોન અનિલ યાદવને આપ્યો હતો, અનિલે દાવો કર્યો હતો કે પોતે ક્રાઈમ બ્રાન્ચનો અધિકારી છે. અનિલે બાદમાં મારી પાસેથી મારી સંપત્તિ અને નાણાકીય વિગતો માગી હતી. સાથે જ ૫૦ લાખ રૂપિયા માગ્યા હતા. મે લોન તેમજ અન્ય લોકો પાસેથી ઉધાર લઈને નાણા મોકલી આપ્યા હતા. જોકે તેમ છતા અમારી પાસેથી વધુ નાણા માગવામાં આવી રહ્યા હતા. હવે અમારી પાસે નાણા નથી અને અમારુ ધ્યાન રાખવાવાળુ કોઈ નથી માટે આ અંતિમ પગલુ ભરીએ છીએ. અમારા મૃતદેહને વિદ્યાર્થીઓના શિક્ષણ માટે મેડિકલ કોલેજમાં દાન કરવામાં આવે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે મૃતક ડિયોગઝેરોન મહારાષ્ટ્રના સચિવાયલમાં કર્મચારી હતા અને નિવૃત્ત થઈને પત્ની સાથે ગામમાં જીવત વિતાવી રહ્યા હતા. તેમણે ગળે અને કાંડા પર ચાકુ મારીને આત્મહત્યા કરી હતી જ્યારે તેમની પત્નીએ ઝેર પીને આત્મહત્યા કરી લીધી હતી. હાલ પોલીસે આરોપીઓની શોધખોળ શરૂ કરી છે. મરતા પહેલા આ વૃદ્ધ દંપતીએ નોટમાં લખ્યું હતું કે અમારા આ પગલા માટે કોઈને પણ જવાબદાર ઠેરવવામાં ના આવે, હવે અમને જીવવાની કોઈ જ ઈચ્છા નથી રહી.

# CBSEએ ધોરણ-૯થી ૧૨ માટે નવો અભ્યાસક્રમ જાહેર કર્યો

## વિદ્યાર્થીઓ નવો અભ્યાસક્રમ સીબીએસઈની સત્તાવાર વેબસાઈટ cbseacademic.nic.in જોઈ શકશે

(SSS) નવી દિલ્હી

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSE)એ ૨૦૨૫-૨૬ શૈક્ષણિક સત્ર માટે ધોરણ ૯, ૧૦, ૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓનો નવો અભ્યાસક્રમ જાહેર કર્યો છે. વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો નવો અભ્યાસક્રમ સીબીએસઈની સત્તાવાર વેબસાઈટ cbseacademic.nic.in જોઈ શકશે. CBSEના એકેડેમિક ડિરેક્ટર ડૉ.પ્રજ્ઞા એમ.સિંહે કહ્યું કે, 'નવા આ અભ્યાસક્રમ શૈક્ષણિક સામગ્રી, પરીક્ષા માટેનો અભ્યાસક્રમ, શીખવાના પરિણામો, ભલામણ કરેલ શૈક્ષણિક પ્રથાઓ અને મૂલ્યાંકન માળખા પર વિગતવાર દિશા-નિર્દેશ જાહેર કરાયા છે.' સીબીએસઈએ શાળાઓને અભ્યાસક્રમની માર્ગદર્શિકાઓનું પાલન કરવા અને વિદ્યાર્થીઓની જ્ઞાનાત્મક સમજ વધારવા માટે પ્રાયોગિક શિક્ષણ, કૌશલ્ય-આધારિત મૂલ્યાંકન અને આંતરશાખાકીય અભિગમને એકીકૃત કરવા નિર્દેશ આપ્યો છે. શાળાઓને રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક (NCF) ૨૦૨૩ હેઠળ શિક્ષણની વિવિધ જરૂરિયાતોને પૂરી કરવા માટે યોગ્ય શિક્ષણ પદ્ધતિઓ અપનાવવા તેમજ પ્રોજેક્ટ-આધારિત શિક્ષણ, તપાસ-સંચાલિત અભિગમ અને તકનીકી શિક્ષણના પ્રોત્સાહન પર ધ્યાન કેન્દ્રિત કરવા કહેવામાં આવ્યું છે. સીબીએસઈએ ૨૦૨૬થી ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ વર્ષમાં માટે બે વખત પરીક્ષાનું આયોજન કરવા માટે ડ્રાફ્ટ જારી કર્યો છે. જો આ વ્યવસ્થા લાગુ થઈ જશે તો આ બાબત વર્તમાન શૈક્ષણિક સિસ્ટમમાં અનેક મહત્ત્વના ફેરફારનું કારણ બની શકે છે. નવી વ્યવસ્થા બાદ પાસ થયા બાદ પ્રમાણપત્ર જારી કરવામાં નહીં આવે અને જો વિદ્યાર્થી બીજી પરીક્ષામાં ગેરહાજર ન રહે તો તેઓ ડિગી લૉકર્સના માધ્યમથી પ્રદર્શનના આધારે ધોરણ-૧૧માં પ્રવેશ લેવા માટે પ્રયાસ કરી શકશે. બીજી પરીક્ષા આપ્યા બાદ જ સર્ટિફિકેટ આપવામાં આવશે. જો વર્ષમાં બે વખત પરીક્ષાનો નિયમ લાગુ થઈ જશે તો ધોરણ-૧૦ની બોર્ડ પરીક્ષાની ફીમાં વધારો કરવામાં આવશે. આ ઉપરાંત શાળાઓએ પરીક્ષા માટે ઉમેદવારોની યાજી જમા કરવવાની રહેશે. નવી વ્યવસ્થા હેઠળ બોર્ડ દ્વારા માત્ર એક જ પ્રેક્ટિકલ પરીક્ષા/આંતરિક મૂલ્યાંકન કરવામાં આવશે. જો કોઈ વિદ્યાર્થી પ્રથમ પરીક્ષામાં નાપાસ થાય તો તેને ધોરણ-૧૨માં કામચલાઉ પ્રવેશ મળી શકશે, પરંતુ તેમનો પ્રવેશ બીજી પરીક્ષાના પરિણામના આધારે નક્કી કરવામાં આવશે. સૌ પ્રથમ સત્તાવાર વેબસાઈટ www.cbse.gov.in પર જાઓ. શૈક્ષણિક વેબસાઈટનો વિકલ્પ પસંદ કરો. 'શૈક્ષણિક' વિભાગમાં અભ્યાસક્રમની લિંક પર ક્લિક કરો. નોટિસની PDF સ્ક્રીન પર ખુલશે, તેમાં કોર્સની લિંક પર ક્લિક કરો. ધોરણ-૯-૧૦ અથવા ધોરણ-૧૧-૧૨ ના વિકલ્પ પર ક્લિક કરો.

### મુંબઈ ઈન્ડિયન્સ માટે ખરાબ સમાચાર

# હાર્દિક પંડ્યાને ધીમી ઓવર રેટ માટે ૧૨ લાખ રૂપિયાનો દંડ

## ગુજરાત ટાઈટન્સે વર્તમાન IPL સિઝનમાં તેમની પ્રથમ જીત નોંધાવી : મુંબઈ ઈન્ડિયન્સની આ સતત બીજી હાર



(SSS) નવી દિલ્હી

શનિવારે રમાયેલી IPL મેચમાં ગુજરાત ટાઈટન્સ (GT)એ મુંબઈ ઈન્ડિયન્સ (MI)ને ૩૬ રને હરાવ્યું હતું. મુંબઈ ઈન્ડિયન્સને IPL 2025 સિઝનમાં તેમની શરૂઆતની બંને મેચોમાં હારનો સામનો કરવો પડ્યો છે. ગુજરાત ટાઈટન્સ સામેની હારના દુઃખ વચ્ચે, મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યા માટે અચાનક એક ખરાબ સમાચાર સામે આવ્યા છે. હાર્દિક પંડ્યાને તેની એક ભૂલને કારણે નુકસાન વેઠવું પડ્યું છે.

મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યાને ગુજરાત ટાઈટન્સ સામેની IPL મેચ દરમિયાન ધીમી ઓવર રેટ માટે ૧૨ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. મુંબઈ ઈન્ડિયન્સ ટીમની સજા એકલા હાર્દિક પંડ્યાને જ ભોગવવી પડશે. IPLએ એક પ્રેસ રિલીઝ જારી કરીને કહ્યું કે મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યાને ધીમી ઓવર રેટ માટે દંડ ફટકારવામાં આવ્યો છે. નિવેદન અનુસાર, આઈપીએલ ૨૦૨૫ની સિઝનમાં ધીમી ઓવર રેટથી સંબંધિત અપરાધો મામલે આઈપીએલ આચાર સંહિતાના નિયમ ૨.૨ હેઠળ તેની ટીમનો આ પહેલો ગુનો હતો, તેથી હાર્દિક પંડ્યા પર ૧૨ લાખ રૂપિયાનો દંડ લગાવવામાં આવ્યો છે. આ મેચમાં ગુજરાત ટાઈટન્સે પ્રથમ બેટિંગ કરતા અમદાવાદની પીચ પર ૧૯૬ રન બનાવ્યા હતા. ટાર્ગેટનો પીછો કરતી વખતે મુંબઈ ઈન્ડિયન્સને સંઘર્ષ કરવો પડ્યો હતો અને આખરે તેમની ટીમ ૬ વિકેટે ૧૬૦ રન જ બનાવી શકી હતી. ગુજરાત ટાઈટન્સે વર્તમાન IPL સિઝનમાં તેમની પ્રથમ જીત નોંધાવી છે. મુંબઈ ઈન્ડિયન્સની આ સતત બીજી હાર હતી અને ટીમ હજી પોઈન્ટ્સનું ખાતું ખોલી શકી નથી. મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યાએ ગુજરાત ટાઈટન્સ સામેની હાર બાદ સ્વીકાર્યું કે તેની ટીમે ઘણી ભૂલો કરી છે. મેચ બાદ હાર્દિક પંડ્યાએ કહ્યું કે, કેટલીક ભૂલો થઈ, અમે મેદાનમાં પૂરતા પ્રોફેશનલ નહોતા, જેના કારણે અમે કદાચ ૨૦-૨૫ રનથી હારી ગયા. તેમણે પાવરપ્લેમાં સારું પ્રદર્શન કર્યું, તેઓ ઘણા જોખમી શોટ રમ્યા નહોતા, તેઓએ ઘણા રન બનાવ્યા અને અમને બેકફૂટ પર લાવી દીધા.

### નરેન્દ્ર મોદીએ ડો. હેડગેવારને આપી શ્રદ્ધાંજલિ

# PM બન્યા બાદ પ્રથમવાર RSS હેડક્વાર્ટર પહોંચ્યા નરેન્દ્ર મોદી

## ભાજપ અને RSS વચ્ચે મતભેદો હોવાની અટકળો પર પૂર્ણવિરામ મૂકતાં સંઘે જણાવ્યું છે અમારે કોઈ મતભેદ નથી

(SSS) નાગપુર,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૧ વર્ષમાં પ્રથમવાર નાગપુર સ્થિત ઈજીજી મુખ્યાલય પહોંચ્યા હતા. આજે (૩૦ માર્ચ) સવારે અહીંના સ્મૃતિ મંદિરમાં તેમણે ઈજીજી ના સંસ્થાપકોને શ્રદ્ધાંજલિ આપી હતી. આ દરમિયાન સંઘ પ્રમુખ મોહન ભાગવત પણ ઉપસ્થિત રહ્યા હતા.

પીએમ મોદીએ સ્મૃતિ મંદિરની વિઝિટર બુકમાં એક સંદેશની સાથે હસ્તાક્ષર પણ કર્યા છે. તેમણે લખ્યું- 'પરમ પૂજનીય ડો. હેડગેવાર અને પૂજ્ય ગુરૂજીને શત્-શત્ નમન. 'તેમની યાદોને યાદ કરવા આ સ્મૃતિ મંદિરમાં આવીને હું અભિભૂત છું. ભારતીય સંસ્કૃતિ, રાષ્ટ્રવાદ અને સંગઠનના મૂલ્યોને સમર્પિત આ સ્થાન આપણને રાષ્ટ્રની સેવામાં આગળ વધવાની પ્રેરણા આપે છે. પીએમ મોદીએ લખ્યુ- સંઘના બે મજબૂત સ્તંભોનું આ સ્થળ દેશની સેવામાં સમર્પિત લાખો સ્વયંસેવકો માટે ઉર્જાનો સ્ત્રોત છે. આપણા પ્રયાસોથી મા ભારતીનું ગૌરવ સદાય વધતું રહે. નાગપુરમાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને કેન્દ્રીય મંત્રી તથા નાગપુર સાંસદ નીતિન ગડકરીએ પીએમ મોદીનું સ્વાગત કર્યુ હતું. આરએસએસ હેડક્વાર્ટરના પ્રવાસ દરમિયાન બંને નેતા પીએમ મોદી સાથે રહ્યા હતા. બિહાર અને બંગાળની વિધાનસભા ચૂંટણી પહેલાં જ આરએસએસએ ભાજપ સાથે પોતાનું જોડાણ મજબૂત હોવાનો પુરાવો આપતાં તમામ અટકળો પર પૂર્ણવિરામ મૂક્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાત વચ્ચે ભાજપ અને RSS વચ્ચે મતભેદો હોવાની અટકળો પર પૂર્ણવિરામ મૂકતાં સંઘે જણાવ્યું છે કે, ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ની સાથે અમારે કોઈ મતભેદ નથી. લોકો ખોટી અફવાઓ ફેલાવી રાજકીય લાભ લેવા માગે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સંઘના હેડક્વાર્ટરની મુલાકાત લેવા નાગપુર પહોંચ્યા હતા. વડાપ્રધાન બન્યા બાદ નરેન્દ્ર મોદી પ્રથમ વખત રવિવારે નાગપુર સ્થિત રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘ (RSS)ના હેડક્વાર્ટર પહોંચ્યા હતાં. આ મુલાકાત અંગે RSSના નેતાએ જણાવ્યું કે, જે લોકો સંઘ અને ભાજપ વિશે કશું જાણતા નથી. તેઓ અમારા બંનેની વચ્ચે મતભેદ હોવાની ખોટી અફવા ફેલાવે છે. તેઓ પોતાના રાજકીય લાભ માટે આમ કરી રહ્યા છે.

# તેલંગાણાના યુવકે એક જ મંડપમાં બે ગર્લફ્રેન્ડ સાથે લગ્ન કરતાં કૂતુહલ

## સૂર્યદેવ નામની વ્યક્તિએ એક જ સમયે બે મહિલાઓ લાલ દેવી અને ઝલકારી દેવી સાથે લગ્ન કર્યા છે

(SSS) હૈદરાબાદ,

ભારતમાં મેરેજ એક્ટ મુજબ એક જ લગ્નની છૂટ છે. પણ તેલંગાણામાં એક વ્યક્તિએ તેની બે પ્રેમિકાઓ સાથે લગ્ન કરીને ચકચાર મચાવી છે. તેલંગાણાના ગામનો હિસ્સો ફક્ત તે ગામ પૂરતો મર્યાદિત ન રહેતા પહેલા તેલંગાણા અને હવે દેશમાં ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. તેલંગાણાના કોમારામ ભીમ આસિફાબાદ જિલ્લામાં યુવકે એક જ મંડપમાં બે યુવતી સાથે લગ્ન કર્યા છે. સૂર્યદેવ નામની વ્યક્તિએ એક જ સમયે બે મહિલાઓ લાલ દેવી અને ઝલકારી દેવી સાથે લગ્ન કર્યા છે. સૂર્યદેવે લગ્નના નિમંત્રણ કાર્ડ પર બંને પત્નીઓના નામ પણ છપાવ્યા છે અને એક ભવ્ય સમારંભનું આયોજન પણ કર્યુ હતુ.આ લગ્નનો વિડીયો પણ વાઈરલ થયો છે, જેમા બંને મહિલાઓ એક વ્યક્તિનો હાથ હાથમા લઈને નજર આવે છે. લગ્નના બધી રીતરિવાજ સગાસંબંધીઓ અને કુટુંબીઓની હાજરીમાં નીભાવવામાં આવ્યા. સૂર્યદેવને લાલદેવી અને ઝલકારી દેવી સાથે પ્રેમ થઈ ગયો. તેના પછી ત્રણેયે જોડે રહેવાનો નિર્ણય લીધો. જો કે પ્રારંભમાં તો ગામના વૃદ્ધો લગ્ન માટે રાજી ન હતા, પરંતુ પછી માની ગયા અને ત્રણેયના લગ્ન કરાવવામાં મદદ કરી. જો કે ભારતમાં હિંદુઓમાં આ પ્રકારના લગ્ન ગેરકાયદેસર છે, પણ આદિવાસીઓને આ કાયદો લાગુ પડતો નથી. આ પહેલા ૨૦૨૧માં તેલંગાણાના આદિલાબાદ જિલ્લામાં એક વ્યક્તિએ એક જ મંડપમાં બે મહિલાઓ સાથે લગ્ન કર્યા હતા. આ ઉપરાંત ૨૦૨૨માં ઝારખંડમાં એક યુવકે તેની બંને ગર્લફ્રેન્ડ સાથે લગ્ન કર્યા હતા.

### બબલીના લગ્ન આ વર્ષે ફેબ્રુઆરીમાં થયા હતા

# સિપાહીની નવી નવેલી પત્નીનો મૃતદેહ મળતા મચેલો હડકંપ

## આખો દિવસ રૂમમાં બંધ રહેતી હતી દુલ્હન, નણંદે પ્રેમથી દરવાજો ખોલ્યો, દ્રશ્ય જોઈને મોઢું ખુલ્લું રહી ગયું

(SSS) બાગપત,

સિપાહીની નવી નવેલી પત્ની બબલીનો મૃતદેહ મળતા હડકંપ મચી ગયો. બબલીના લગ્ન આ વર્ષે ફેબ્રુઆરીમાં થયા હતા. લગ્ન પછીથી જ તે ટેન્શનમાં રહેતી હતી અને આખો દિવસ રૂમમાં બંધ રહેતી હતી. બુધવારે સાંજે જ્યારે નણંદ તેના રૂમમાં પહોંચી ત્યારે બબલીનો મૃતદેહ જોઈને ચીસો પાડવા લાગી. મૃતદેહ પાસે એક નોટ પણ મળી છે જેમાં શેર માર્કેટમાં નુકસાન થવાનો ઉલ્લેખ છે. નોટમાં લખ્યું હતું કે તેણે એક રોકાણકારના ૧૩ લાખ રૂપિયા લઈને શેર માર્કેટમાં લગાવ્યા હતા. ૬ લાખ તો તેણે પાછા આપી દીધા, પરંતુ ૭ લાખનું નુકસાન થઈ ગયું. રોકાણકાર તેના પર પૈસા પાછા આપવા માટે દબાણ કરી રહ્યો હતો. તેનાથી પરેશાન થઈને બબલીએ જીવન ટૂંકાવી નાંખ્યુ હતુ. પોલીસે મૃતદેહને કબજે લઈને પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધો છે. પોલીસ મામલાની તપાસમાં લાગી ગઈ છે. ઘટના ઉત્તરપ્રદેશના બડોત કોતવાલી વિસ્તારના રાજપુર ખામપુર ગામમાં બની છે. બબલી દિલ્હી મંગોલપુરીની રહેવાસી હતી. બબલીના લગ્ન યુપી પોલીસના હેડ કોન્સ્ટેબલ બાગપતના કપિલ સાથે થયા હતા. કપિલ હાલમાં હાથરસમાં ફરજ પર છે. પરિવારજનોએ જણાવ્યું કે, લગ્ન પહેલા જ બબલી ઓનલાઈન શેર બજારમાં રોકાણ કરતી હતી. આ દરમિયાન તેણે એક રોકાણકાર પાસેથી ૧૩ લાખ રૂપિયા લઈને શેર બજારમાં લગાવ્યા હતા. ઘણો પૈસો ડૂબી જતાં રોકાણકાર ધનરાશિની માગણી કરીને દબાણ કરવા લાગ્યો. બબલીએ ૬ લાખ રૂપિયા તો પાછા આપી દીધા, પરંતુ રોકાણકારના ૭ લાખ રૂપિયા બાકી હતા જે ડૂબી ગયા. રોકાણકાર તેના પર રકમ પાછી આપવા માટે દબાણ કરવા લાગ્યો. ધમકી આપવા લાગ્યો. આથી પરેશાન અને શેર માર્કેટમાં નુકસાનથી બબલી ટેન્શનમાં આવી ગઈ. પતિને બબલીની નોકરીની જાણકારી નહોતી પરિવારજનોએ જણાવ્યું કે, બબલીના લગ્ન પહેલા તે શેર બજારમાં નોકરી કરતી હતી, આ વાતની જાણકારી તેના પતિ કપિલને નહોતી. બબલીના મોત પછી પરિવારના લોકો પણ આવી પહોંચ્યા હતા.

### મધ્ય પ્રદેશના સાગર શહેરમાં બળદગાડીને ઈ-મેમો

# બળદગાડીને ઈ-મેમો! પોલીસ પણ પડી ગઈ મૂંઝવણમાં

## આ ઘટના સ્માર્ટ સિટીના કેમેરાની ભૂલને કારણે બની

(SSS) સાગર,

મધ્ય પ્રદેશના સાગર શહેરમાં એક અનોખો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં એક બળદગાડીને ઈ-મેમો આપવામાં આવ્યો છે. આ ચોંકાવનારી ઘટના ત્યારે પ્રકાશમાં આવી જ્યારે આ ચલણનું નોટિસ એક વાહન માલિકને મળ્યું હતું. આ ઘટનાએ લોકોને વિચારતા કર્યા કે બળદગાડીનું સરનામું કેમ મળ્યું અને બળદગાડીમાં નંબર ક્યારથી લાગી? મજાની વાત એ છે કે શહેરમાં એક પણ બળદગાડી નથી. હવે લોકો મજાક કરી રહ્યા છે કે સ્માર્ટ સિટીના કેમેરાએ રસ્તા પર બળદગાડી જોઈ અને મોટર વ્હીકલ એક્ટ હેઠળ તેનો ઈ-મેમો મોકલી દીધો. આ તો આશ્ચર્યજનક છે. હકીકતમાં, સાગર કલેકટરના આદેશથી દરરોજ ૧૦૦૦ થી વધુ ઈ-મેમો સ્માર્ટ સિટી દ્વારા કરવામાં આવી રહ્યા છે. ઈ-મેમાની હડબડિમાં કર્મચારીઓ તરફથી આવી બેદરકારી થઈ રહી છે, જેના કારણે સામાન્ય લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. કોઈની ગાડી ઘેર રાખેલી છે, પરંતુ તેનો ટ્રાફિક નિયમ તોડવાનો ઈ-મેમો આવી જાય છે, તો ક્યારેક જે વ્યક્તિ હેલ્મેટ પહેરીને ગાડી ચલાવી રહ્યો છે, તેનો હેલ્મેટ ન પહેરવાનો ઈ-મેમો જારી થાય છે, જ્યારે ઈ-મેમાની ફોટોમાં તે હેલ્મેટ પહેરેલો દેખાઈ રહ્યો છે. મથુરા પ્રસાદ, કુંભ સ્નાન કરવા ગયા હતા, અને આ દરમિયાન ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ સ્માર્ટ સિટી કંટ્રોલ રૂમ દ્વારા તેમની ગાડીને ઈ-મેમો આપવામાં આવ્યો હતો. જે પછી વર્ચ્યુઅલ કોર્ટમાં મોકલવામાં આવ્યો હતો. કોર્ટમાંથી નોટિસ મળતા મથુરા પ્રસાદને આની જાણકારી થઈ. ઈ-મેમો મથુરા પ્રસાદ પટેલના નામે મોકલવામાં આવ્યું હતું, પરંતુ ગુનાની કોલમમાં "૨ બળદગાડી ચાલક" નો ઉલ્લેખ ન હોતો. ઈ-મેમો ભરવા માડવામાં આવતા મથુરા પ્રસાદે દાવો કર્યો કે તે દિવસે તેઓ પરિવાર સાથે કુંભ સ્નાન કરવા ગયેલા હતા. ફરિયાદ કરતા ઈ-મેમો રદ કરવાની ખાતરી આપવામાં આવી હતી. પરંતુ દંડ ભરવા માટે હજી પણ ફોન આવી રહ્યા છે. તિલી નિવાસી પ્રિયંક રાવતે જણાવ્યું કે તેમની ગાડી ક્રમાંક MP 15 MM 7609ના નામે બે જુદા-જુદા ઈ-મેમા આવ્યા છે. આ બંને ઈ-મેમામાં એક સિવિલ લાઈન અને બીજું કટરા મસ્જિદથી સંબંધિત છે. ચોંકાવનારી વાત એ છે કે બંને ઈ-મેમામાં ઉલ્લેખ કરેલી ગાડીઓ પ્રિયંકની રજિસ્ટર્ડ ગાડીઓ નથી. પ્રિયંક પાસે બજાજ કંપનીની ગાડી છે, પરંતુ ઈ-મેમામાં એક ટીવીએસ સ્ટાર સિટી અને બીજી હીરો કંપનીની ગાડીનો ઉલ્લેખ છે.

સાગરના ટ્રાફિક ડીએસપી મયંક સિંહ ચૌહાણે જણાવ્યું છે કે છેલ્લા ૨ મહિનાથી ટ્રાફિક નિયમોનું પાલન ન કરનારા સામે કડક પગલાં લેવામાં આવી રહ્યા છે. જો તેમાં કોઈ ભૂલ થાય તો સ્માર્ટ સિટીમાં જઈને ફરિયાદ કરી શકાય છે, જેનો જલ્દીથી ઉકેલ લાવવામાં આવશે.

### કેરળ હાઈકોર્ટ સમક્ષ એક વિચિત્ર કેસ આવ્યો

# પોતાના ધણીથી કંટાળી પત્નીએ કરી દીધો કેસ

(SSS) કોચી,

આપણે પહેલેથી જ એવું સાંભળતા આવ્યા છીએ કે પતિ અને પત્નીના સંબંધમાં વિશ્વાસ હોવો ખૂબ જરૂરી છે. જો આ સંબંધમાં થોડો પણ અવિશ્વાસ આવે તો તે સરખી રીતે ચાલતો નથી. કે જો કે આજકાલ આપણી અસપાસ એવા બનવા બની રહ્યાં છે કે, લોકોને જાણીને ન આ સંબંધ પરથી વિશ્વાસ ઉઠી ગયો છે. કંઈક આવો જ એક કેસ હાલ કેરળ હાઈકોર્ટમાં આવ્યો હતો. કેરળ હાઈકોર્ટે તાજેતરમાં એક મહિલાના તલાકને મંજૂરી આપી છે. મહિલાએ ફરિયાદ કરી હતી કે તેનો પતિ શારીરિક સંબંધો અને પારિવારિક જીવનમાં કોઈ રસ લેતો નથી. તેના બદલે, તે મંદિરો અને આશ્રમોમાં જ ફરતો રહે છે. કોર્ટે આ વર્તનને માનસિક ક્રૂરતા ગણાવીને તલાકને યોગ્ય ગણાવ્યો. બાર એન્ડ બેંચની રિપોર્ટ મુજબ, પતિ અને પત્નીના લગ્ન ૨૦૧૬માં લગ્ન થયા હતા, પરંતુ ધીમે ધીમે સંબંધ બગડતો ગયો. પત્નીએ આરોપ મૂક્યો કે પતિ માત્ર ધાર્મિક પ્રવૃત્તિઓમાં જ વ્યસ્ત રહેતો, તેના સાથે સમય વિતાવતો ન હતો કે પછી શારીરિક સંબંધમાં અને બાળકો પેદા કરવા માટે કોઈ રસ ન દેખાડતો હતો. તે તેને જબરદસ્તી મંદિરે લઈ જતો અને તેની અભ્યાસ (પોસ્ટ ગ્રેજ્યુએશન)માં પણ પ્રોબ્લેમ લાવતો હતો. આવા વર્તનથી અકળાયેલી પત્નીએ વર્ષ ૨૦૧૯માં પહેલી વાર તલાક માટે અરજી કરી હતી પરંતુ પતિએ તેને બદલાઈ જશે એવું વચન આપ્યું હતું જો કે તે પછી પણ સુધર્યો ન હતો. આ માટે પત્નીએ ૨૦૨૨માં ફરીથી છૂટાછેડા માટે અરજી કરી હતી. જસ્ટિસ દેવન રામચંદ્રન અને જસ્ટિસ એમ.બી. સ્નેહલતાની બેંચે કહ્યું, લગ્ન કોઈને બીજા પર પોતાની માન્યતાઓ લાદવાનો લાયસન્સ નથી આપતું. અદાલતે કહ્યું કે પતિનો અતિશય ધાર્મિક જુનૂન અને પત્નીને મજબૂર કરવું માનસિક ક્રૂરતા છે. વૈવાહિક ફરજોની અવગણના અને શારીરિક સંબંધોનો ઈનકાર તલાકનો માન્ય આધાર છે. બેંચે કહ્યું, પતિના કારણે લગ્ન તૂટી ગયા છે, તેથી તલાક યોગ્ય છે. પતિએ કોર્ટમાં દલીલ કરી કે તેના ધાર્મિક વિશ્વાસોને ખોટા રીતે સમજવામાં આવ્યા છે. તેણે આ પણ કહ્યું કે પત્ની પોતે અભ્યાસ પૂરો કરવા સુધી બાળકો ઈચ્છતી નથી. પરંતુ કોર્ટે પત્નીના પુરાવાઓને વધુ વિશ્વસનીય માન્યા. હિંદુ મેરેજ એક્ટની કલમ 13(1)(ia) હેઠળ, જો એક પતિ/પત્ની બીજા સાથે સતત અવગણનાપૂર્ણ વર્તન કરે, ભાવનાત્મક રીતે પીડિત કરે અથવા વૈવાહિક ફરજોમાંથી મોઢું ફેરવે, તો તેને માનસિક ક્રૂરતા માનવામાં આવે છે.

### રાજા જ્ઞાનેન્દ્ર શાહની સુરક્ષા ઘટાડી

# નેપાળમાં હિંસા માટે પૂર્વ રાજા જવાબદાર, નુકસાનની ભરપાઈ કરવા માટે આદેશ

## ઓલી સરકારે પૂર્વ રાજા જ્ઞાનેન્દ્ર શાહને હિંસામાં થયેલા નુકસાનની ભરપાઈ કરવા આદેશ આપ્યો છે

(SSS) કાઠમંડુ,

નેપાળમાં રાજાશાહીના સમર્થનમાં થયેલી હિંસા બાદ સરકારે મોટી કાર્યવાહી હાથ ધરી છે. ઓલી સરકારે પૂર્વ રાજા જ્ઞાનેન્દ્ર શાહને હિંસામાં થયેલા નુકસાનની ભરપાઈ કરવા આદેશ આપ્યો છે. તેમજ તેમની સુરક્ષામાં પણ ઘટાડો કર્યો છે. સરકારે પૂર્વ રાજા જ્ઞાનેન્દ્ર શાહના સમર્થકો દ્વારા કરવામાં આવેલી હિંસા વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરતાં પૂર્વ રાજાની સુરક્ષામાં મૂકેલા ૨૫ સુરક્ષાકર્મીઓની સંખ્યા ઘટાડી ૧૬ કરી છે. તેમજ જૂના તમામ સુરક્ષાકર્મીઓને બદલી નાખવામાં આવ્યા છે. વધુમાં કાઠમાંડૂ નગર નિગમે પૂર્વ રાજા જ્ઞાનેન્દ્ર શાહને નુકસાનની ભરપાઈ કરવા નોટિસ પણ મોકલી છે. જેમાં પૂર્વ રાજા પાસે રૂ. ૭.૯૩ લાખ નેપાળી રૂપિયા (રૂ. ૫ લાખ) ચૂકવવા આદેશ કરાયો છે. ૨૮ માર્ચની સવારે આશરે ૧૧.૩૦ વાગ્યે કાઠમાંડૂના તિનકૂને વિસ્તારમાં રાજાશાહી સમર્થક રેલી શરૂ થઈ હતી. આ રેલી સંસદ ભવન નજીક પહોંચવાનો પ્રયાસ કરી રહી હતી. ૨૦૦૮માં સમાપ્ત કરવામાં આવેલા રાજતંત્રને ફરીથી લાગુ કરવાની માગ સાથે નીકળેલી આ રેલી અચાનક હિંસક બની હતી. સમર્થકોએ અનેક ઘર, ઈમારતો અને દુકાનોને આગ ચાંપી હતી. આ હિંસામાં બે લોકોના મોત નીપજ્યા હતા. જ્યારે ૧૫થી વધુ લોકો ઘાયલ થયા હતા. પોલીસ અને સરકાર આક્રમક રીતે તપાસ કાર્યવાહી કરી રહી છે. પોલીસે અત્યારસુધીમાં ૧૩૦ લોકોની ધરપકડ કરી લીધી છે. નેપાળના ગૃહ મંત્રાલયે આ સમગ્ર ઘટના માટે પૂર્વ રાજા જ્ઞાનેન્દ્ર શાહ અને તેમની તરફથી આંદોલનનું નેતૃત્વ કરી રહેલા દુર્ગા પ્રસાઈને જવાબદાર ઠેરવ્યા છે. નેપાળે ૨૦૦૮માં સંસદ દ્વારા રાજાશાહી સમાપ્ત કરી હતી. ત્યારબાદ નેપાળ ધર્મનિરપેક્ષ, લોકતાંત્રિક દેશ બન્યો હતો. જો કે, છેલ્લા થોડા સમયથી ફરીથી રાજાશાહી સ્થાપિત કરવાની માગ ઉઠી છે. ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ લોકતંત્ર દિવસ પર્વે નિમિત્તે પૂર્વ રાજાએ પ્રજા પાસે રાજાશાહીને સમર્થન આપવાની અપીલ કરી હતી. રાજાશાહી સમર્થક રાષ્ટ્રીય પ્રજાતંત્ર પાર્ટીના વિરોધ બાદ ધરપકડ કરવામાં આવેલા બે નેતાઓ ધવલ શમશેર રાણા અને રવિન્દ્ર મિશ્રાની મુક્તિની માગ કરવામાં આવી હતી. પાર્ટીએ ધમકી આપી છે કે, જો ૨૪ કલાકમાં બંને નેતાઓને મુક્ત કરવામાં નહીં આવે તો તેઓ રસ્તા પર ઉતરી જશે. તેમજ વિરોધ પ્રદર્શન દરમિયાન જે ઘટના બનશે તેના માટે સરકાર જવાબદાર રહેશે.

RNI No. GUJGUJ/2015/62352 Published & Owned by HETALBEN JIGNESHBHAI GAJJAR and Printed By JIGNESH RASHIKBHAI GAJJAR at VANSH CORPORATION, A/8, Shayona Golden Estate, Shahibaug, Ahmedabad - 380 004 and Published from 13, Shiv Shankalp Society, Near Naranpura Post Office, Naranpura, Ahmedabad - 380 013. Editor : HETALBEN JIGNESHBHAI GAJJAR

### ૫.૧ની તીવ્રતાએ ધરા ધ્રૂજતાં લોકોમાં ફફડાટ

# મ્યાનમારમાં ૭૨ કલાકમાં ચોથી વખત ભૂકંપ આવ્યો

## ભૂકંપના આંચકા અનુભવાતા લોકોમાં ગભરાટનો માહોલ

**(SSS)** મ્યાનમાર

મ્યાનમારમાં ૭.૭ અને પછી ૭.૨ ની તીવ્રતાના એક પછી એક ભૂકંપ બાદ જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. મ્યાનમારમાં આવેલા ભૂકંપમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૧,૭૦૦ લોકો માર્યા ગયા છે અને ૩,૪૦૦ લોકો ઘાયલ થયા છે, ત્યારે યુએસ ભૂસ્તરશાસ્ત્રીય સર્વે (યુએસજીએસ)એ જણાવ્યું હતું કે, મ્યાનમારના બીજા સૌથી મોટા શહેર માંડલે પાસે આજે રવિવારે (૩૦ માર્ચ, ૨૦૨૫) ૫.૧ તીવ્રતાનો ભૂકંપ આવ્યો છે. ગત શુક્રવારે દેશમાં વિનાશકારી ભૂકંપ આવ્યા બાદ એક પછી એક આંચકા અનુભવાય છે.

મ્યાનમારની ધરા ૭૨ કલાકમાં ચોથી વખત તીવ્ર ભૂકંપથી હચમચી ઉઠી છે. આજે રવિવારે મ્યાનમારના બીજા સૌથી મોટા શહેર મંડલે નજીક ભૂકંપ આવ્યો છે. ભૂકંપના આંચકા અનુભવાતા લોકોમાં ગભરાટનો માહોલ જોવા મળ્યો છે. આ વખતે ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૧ નોંધાઈ હોવાનું સામે આવ્યું છે. જ્યારે ભૂકંપને પગલે બચાવ કામગીરી યથાવત છે. મ્યાનમારમાં ૭.૭ અને પછી ૭.૨ ની તીવ્રતાના એક પછી એક ભૂકંપ બાદ જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. મ્યાનમાર પહેલાથી જ રાજકીય અસ્થિરતાનો સામનો કરી રહ્યું હતું. તે જ સમયે, ભૂકંપ પછી પણ રાહત અને બચાવ કાર્ય યોગ્ય રીતે થઈ રહી નથી. માળખાગત સુવિધાઓ અને રસ્તાઓને થયેલા નુકસાનને કારણે રાહત સામગ્રી સ્થળ પર પહોંચવામાં પણ મુશ્કેલી પડી રહી છે. ભૂકંપ પછીના આંચકાઓના ડરથી, હજારો લોકો પોતાના ઘર છોડીને રસ્તાઓ પર સૂઈ જવા મજબૂર છે. લોકોના ચહેરાઓ પર ડર સ્પષ્ટપણે દેખાઈ આવે છે. અત્યાર સુધી લગભગ ૧૬ વખત મ્યાનમારમાં ભૂકંપના ઝટકા અનુભવાઈ ચૂક્યા છે.

### નોટિસમાં યુવકને એક કંપનીનો માલિક જણાવાયો છે

# ઈંડાની લારીવાળાને IT વિભાગે ફટકારી ૬ કરોડની નોટિસ

## નોટિસ મળતા જ આખો પરિવાર ગભરાઈ ગયો છે

**(SSS)** ભોપાલ

મધ્યપ્રદેશના દમોહમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં પથરિયા નગરમાં ઈંડાની લારી ચલાવતા શખ્સના નામે દિલ્હીમાં કરોડોનો બિઝનેસ કરતી નકલી કંપની (ડમી કંપની) ચાલી રહી હોવાનું સામે આવતા ખળભળાટ મચી ગયો છે. આ કંપનીનું ટર્નઓવર ૫૦ કરોડ રૂપિયાથી વધારે અને તેને ૬ કરોડનો **GST** ચૂકવવાનો બાકી છે. જેથી આવકવેરા વિભાગે આ મામલે ઈંડાની લારી ચલાવતા શખ્સને નોટિસ મોકલીને બેંક સ્ટેટમેન્ટ અને અન્ય ડોક્યુમેન્ટની માંગ કરી છે. નોટિસ મળતા જ આખો પરિવાર ગભરાઈ ગયો છે. મળતી માહિતી મુજબ, પથરિયા નગરમાં રહેતો પ્રિન્સ સુમન ઈંડા વેચીને પોતાનું ગુજરાન ચલાવે છે. તેના નામે દિલ્હીમાં પ્રિન્સ એન્ટરપ્રાઈઝ નામની એક કંપની રજિસ્ટર્ડ મળી આવી છે, જેણે ૨૦૨૨થી ૨૦૨૪ દરમિયાન લગભગ ૫૦ કરોડ રૂપિયાનું ટર્નઓવર કર્યું હતું. આ કંપની ચામડા, લાકડા અને લોખંડનો બિઝનેસ કરી રહી હતી, પરંતુ તેણે ૬ કરોડનો ટ્ક્ષ્ચૂકવ્યો ન હતો. જેના કારણે હવે આવકવેરા વિભાગે ઈંડાની લારી ચલાવતા પ્રિન્સ સુમનને ૬ કરોડ રૂપિયાની લેણી રકમ માટે નોટિસ મોકલી છે. નોટિસ મળતા જ પ્રિન્સ સુમન અને તેનો પરિવાર ચિંતામાં મૂકાઈ ગયો છે. પ્રિન્સ સુમને આ મામલે મીડિયાને જણાવ્યું કે, તે ક્યારેય દિલ્હી ગયો નથી. તેણે ક્યારે દિલ્હી જોયું પણ નથી. તે માત્ર ઈન્દોરમાં મજૂરી કરવા માટે ગયો હતો. તેણે કોઈને તેનું પાન કાર્ડ અથવા આધાર કાર્ડ આપ્યું નથી, તો તેના નામે કોઈએ ડમી કંપની કેવી રીતે બનાવી દીધી? આ નોટિસ મળ્યા પ્રિન્સ સુમનનો પરિવાર ડરી ગયો છે. પ્રિન્સના પિતા શ્રીધર સુમન નાની કરિયાણાની દુકાન ચલાવે છે, તેમણે આ મામલે એસપીને અરજી આપીને ન્યાયની આજીજી કરી છે. એડવોકેટ અભિલાષ ખરેએ જણાવ્યું કે, આ બાબતની માહિતી મળ્યા બાદ તેમણે આવકવેરા વિભાગ સાથે પત્રવ્યવહાર કર્યો છે અને પોલીસમાં ફરિયાદ નોંધાવી છે, જેથી આ છેતરપિંડીનો પર્દાફાશ થઈ શકે.

### બધા ભગવાન સ્વામિનારાયણ ભગવાનના મેનેજર છે

# સ્વામિનારાયણ મંદિરના સ્વામીનો વધુ બફાટ

## સરધારના નિત્યસ્વરૂપદાસજીના જૂના વીડિયોમાં દેવોની ઉત્પત્તિ અને સંપ્રદાયની વ્યવસ્થા અંગે વિચિત્ર દાવા

**(SSS)** રાજકોટ

રાજકોટ નજીકના સરદાર સ્વામિનારાયણ મંદિરના એક સ્વામીનો વધુ એક વિવાદાસ્પદ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. આ વીડિયો સરધારના સ્વામી નિત્યસ્વરૂપદાસજીનો હોવાનું જાણવા મળ્યું છે, જેમાં તેઓ સ્વામિનારાયણ સંપ્રદાયની ઉત્પત્તિ, દેવો અને સંપ્રદાયની વ્યવસ્થા અંગે કેટલાક વિચિત્ર દાવા કરતા જોવા મળી રહ્યા છે. આ વીડિયો જૂનો હોવાનું કહેવાય છે, પરંતુ હાલમાં તે સોશિયલ મીડિયા પર ખૂબ જ ઝડપથી ફેલાઈ રહ્યો છે. વાયરલ વીડિયોમાં સ્વામી નિત્યસ્વરૂપદાસજી કહી રહ્યા છે કે અનંત બ્રહ્માંડોમાં બ્રાહ્મણની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરનારા તો સ્વામિનારાયણ ભગવાને અસંખ્ય ઊભા કરી દીધા છે. તેઓ એમ પણ કહે છે કે સ્વામિનારાયણ ભગવાનના આવા અબજો મેનેજરો છે અને તેમના નાનામાં નાના મેનેજરો પાસે પણ લાખોની સંખ્યામાં અનુયાયીઓ (દાસ) હોય છે. સ્વામી વધુમાં જણાવે છે કે સવર્શ્રેષ્ઠ અને પગભર મેનેજર મૂળ અક્ષર પછી આવે છે, ત્યારબાદ મહાપુરુષો અને પ્રધાન પુરુષો આ વ્યવસ્થાને આગળ વધારે છે. તેમના કહેવા મુજબ, ભગવાન સ્વામિનારાયણે શાખાઓ વધારતા વિરાટ પ્રધાન બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ (શંકર) જેવા દેવો બનાવ્યા. એટલું જ નહીં, આ શાખાઓ વધુ વધતાં ઈન્દ્ર અને તેત્રીસ કરોડ દેવતાઓ પણ તેમની શાખાઓના ભાગરૂપે અસ્તિત્વમાં આવ્યા. નિત્યસ્વરૂપદાસજી વીડિયોમાં એમ પણ કહેતા સંભળાય છે કે એક એક દેવની પાછળ લાખો અને કરોડોના ઝૂમખાં હોય છે, પરંતુ તેમનો ડાયરેક્ટ સ્વામિનારાયણ સાથે કોઈ સંપર્ક નથી હોતો. ઉલ્લેખનીય છે કે નિત્ય સ્વરૂપ સ્વામી સ્વામિનારાયણ સંપ્રદાયના જાણીતા કથાકાર પણ છે. તાજેતરના સમયમાં સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોના એક પછી એક વિવાદાસ્પદ વીડિયો વાયરલ થઈ રહ્યા છે, ત્યારે આ વધુ એક વીડિયો સામે આવતા અનેક તર્કવિતર્ક થઈ રહ્યા છે. જો કે, આ વાયરલ વીડિયો જૂનો હોવાનું કહેવામાં આવી રહ્યું છે.

# GPSCની પરીક્ષાની તારીખમાં ફેરફાર, ૧૯ એપ્રિલે નહીં યોજાય પરીક્ષા

**(SSS)** ગાંધીનગર,

**GPSC**ની તૈયારી કરતા ઉમેદવારો માટે મહત્ત્વના સમાચાર આવ્યા છે. **GPSC**ની ભરતી પરીક્ષાની **(GPSC Exam)** તારીખમાં ફેરફાર કરાયો છે. મદદનીશ ઈજનેર સિવિલ વર્ગ-૨ની પરીક્ષાની તારીખમાં ફેરફાર કરાયો છે. હવે, ૧૯મી એપ્રિલની જગ્યાએ ૨૫મી એપ્રિલના રોજ પરીક્ષા યોજાશે. ૨૦ એપ્રિલે પરીક્ષા આપતા ઉમેદવારો પરીક્ષા સ્થળે પહોંચી શકે તે માટે ૧૯ એપ્રિલની પરીક્ષાની તારીખ બદલવી પડી હોવાનું **GPSC**ના ચેરમેન હસમુખ પટેલે જાણકારી આપી છે. જાહેરાત ક્રમાંક ૮૧/૨૦૨૪-૨૫(મદદનીશ ઈજનેર, સિવિલ, વર્ગ-૨), ૧૧૧/૨૦૨૪-૨૫ (મદદનીશ ઈજનેર સિવિલ વર્ગ-૨, દિવ્યાંગો માટે) અને ૧૧૨/૨૦૨૪-૨૫ (નાયબ કાર્યપાલક ઈજનેર, વિદ્યુત, વર્ગ-૨)ની સંબંધિત વિષયની ૧૯/૦૪/૨૫ના બદલે ૨૫/૦૪/૨૫ના રોજ યોજવામાં આવશે. જાહેરાત ૮૧/૨૦૨૪-૨૫, ૧૧૧/૨૦૨૪-૨૫, ૧૧૨/૨૦૨૪-૨૫ના ઉમેદવારો જો તા ૨૦/૪/૨૫ ની વર્ગ-૧,૨ની પરીક્ષા આપતા હોય તો પરીક્ષા સ્થળે પહોંચી શકે તેને ધ્યાનમાં લઈ ઉપરોક્ત ભરતીઓની સંબંધિત વિષયની પરીક્ષાની તારીખ બદલવી પડી છે. તે પછીના રવિવારોએ અન્ય પરીક્ષાઓ હોઈ આ પરીક્ષા ચાલુ દિવસે રાખવી પડી છે. હસમુખ પટેલે **'X'** પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે 'આયોગ ઘણી બધી પરીક્ષાઓ લેતું હોય પરીક્ષા ની તારીખ બદલવી ખૂબ જ મુશ્કેલ પડે છે. છતાં પણ જ્યાં શક્ય હોય ત્યાં તારીખ બદલી ઉમેદવારોને દરેક પરીક્ષા આપવાની તક મળે તેવા પ્રયત્ન કરવામાં આવે છે. આને કારણે જ તા ૨૭/૪/૨૪ ની પરીક્ષાની તારીખ બદલી શકાઈ નથી.' તેમણે વધુમાં કહ્યું હતું કે તારીખ બદલવામાં આવે ત્યારે અન્ય રવિવારે બીજી પરીક્ષાઓ હોય એટલે રજાના દિવસે નવી તારીખ આપી શકાતી ન હોય રજા સિવાયના દિવસે પરીક્ષા ગોઠવવી પડે છે. જેના કારણે નોકરી કરતા ઉમેદવારને મુશ્કેલી પડે છે. તારીખ બદલવામાં આ પણ એક મોટી અડચણ છે.

### હિમાચલ પ્રદેશમાં મોટી દુર્ઘટના

# ભૂસ્ખલન થતાં ૩ મહિલાઓ સહિત ૬ના મોત, ૫ ઈજાગ્રસ્ત

**(SSS)** શીમલા

હિમાચલ પ્રદેશના કુલ્લુ જિલ્લાના મણિકર્ણમાં એક ભયંકર ભૂસ્ખલન થયું છે, જેમાં ૬ લોકો (૩ મહિલાઓ અને ૩ પુરુષો)ના ઘટનાસ્થળે જ મોત થયા છે, જ્યારે ૫ લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ દુર્ઘટના લગભગ ૫ વાગ્યે બની હતી, જ્યારે ગુરુદ્વારાની સામે ઘણા લોકો રસ્તાની બાજુમાં બેઠા હતા. ભૂસ્ખલન દરમિયાન પહાડ પરથી મોટી માત્રામાં પથ્થરો ખાબક્યા, સાથે જ એક ઝાડ પણ નીચે પડી ગયું. આની ચપેટમાં ઘણા લોકો આવી ગયા.મળતી માહિતી મુજબ, રસ્તાની બાજુમાં ઊભેલા રેંકડી ચાલક, એક સુમોમાં સવાર અને ત્રણ પર્યટકોનું ઘટનાસ્થળે જ મોત થયું છે. દુર્ઘટનામાં જીવ ગુમાવનારાઓની ઓળખ કરવાની પ્રક્રિયા ચાલુ છે. ઘટનાસ્થળ પર રેસ્ક્યુ ટીમ પહોંચી ગઈ હતી. કુલ્લુના એડીએમ અશ્વિની કુમારે જણાવ્યું કે, મણિકર્ણ ગુરુદ્વારા પાર્કિંગ નજીક ભૂસ્ખલન થતાં ૬ લોકોના મોત થયા છે, જ્યારે ૫ લોકો ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં લઈ જવાયા છે. પ્રશાસનની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. મણિકર્ણના **SHO**ના નેતૃત્વમાં પોલીસ ટીમ ઘટનાસ્થળે હાજર છે, જે રેસ્ક્યુ ઓપરેશનમાં કોર્ડિનેટ કરી રહી છે. જરીથી ફાયર બ્રિગેડ ઘટનાસ્થળ માટે રવાના થઈ ગઈ છે. ડોકટરોની એક ટીમ સાથે બીએમઓ જરી ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. કુલ્લુના એસડીએમ વિકાસ શુક્લાએ જણાવ્યું કે, હું ઘટનાસ્થળે પહોંચી ગયો છું અને પરિસ્થિતિ પર નજર રાખી રહ્યો છું. મૃતકોને લઈ જવા માટે શબવાહન ઘટનાસ્થળે મોકલવામાં આવ્યું છે. પરિસ્થિતિ નિયંત્રણમાં છે.

# NCLTએ ૯૩૬ કરોડનો દંડ ઘટાડી ૨૧૬ કરોડ કર્યો

**(SSS)** નવી દિલ્હી

ભારતમાં પ્લેસ્ટોર પોલિસીના ભંગમાં દોષિત ઠરેલી ગૂગલને એનસીએલએટીએ દંડમાં રાહત કરી આપી છે. ગૂગલને અગાઉ રૂ. ૯૩૬ કરોડનો દંડ કરવામાં આવ્યો હતો. હવે તેને ઘટાડીને રૂ. ૨૧૬ કરોડ કરવામાં આવ્યો છે. ગૂગલને ભારતમાં તેની પ્લે સ્ટોર નીતિઓનો ભંગ કરવા બદલ દોષિત ઠેરવવામા આવી છે. આ બદલ તેને ફટકારાયેલા દંડમાં એનસીએલએટીએ ઘટાડો કર્યો છે. નેશનલ કંપની લો એપેલેટ ટ્રિબ્યુનલ (એનસીએલએટી)એ પોતાના ચુકાદામાં કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયા (સીસીઆઈએ) ગૂગલને દોષિત ઠેરવતો ચુકાદો જાળવી રાખ્યો છે, પરંતુ તેને ચૂકવવાની દંડની રકમમાં નોંધપાત્ર ઘટાડો કરવામાં આવ્યો છે. સીસીઆઈએ જણાવ્યું હતું કે ગૂગલે તેની પ્લે સ્ટોર પોલિસીનો દૂરુપયોગ કર્યો છે, તે યોગ્ય ધધાકીય કાર્યપ્રણાલિના નિયમથી વિપરીત છે. ગૂગલની પોલિસી પ્રતિસ્પર્ધાના નિયમોની વિરોધમાં છે. સીસીઆઈએ ગૂગલને રુ. ૯૩૬ કરોડનો દંડ ફટકાર્યો હતો. પણ એનસીએલએટીએ ગૂગલને ફટકારેલો દંડ રુ. ૨૧૬ કરોડ કર્યો છે. એનસીએલએટીના જસ્ટિસ અશોક ભૂષણ અને ટેકનિકલ સભ્ય વરુણ મિત્રાની બે સભ્યોની બેન્ચે જણાવ્યું હતું કે ગૂગલે તેની મજબૂત પોઝિશનનો દૂરુપયોગ કર્યો છે જે નિયમોથી વિપરીત છે. એનસીએલએટીનું માનીએ તો ગૂગલની અપીલ પહેલાં જ દંડની દસ ટકા રકમ જમા કરાવી દેવાઈ છે.

### આજથી ચૈત્ર મહિનાનો પ્રારંભ

# શક્તિપીઠ સહિતના મંદિરોમાં લાગી ભક્તોની ભારે ભીડ

## પાવાગઢ મહાકાળી મંદિરે ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું

**(SSS)** પાવાગઢ,

આજથી ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ થયો છે. ત્યારે રાજ્યના તમામ શક્તિપીઠમાં ચૈત્રી નવરાત્રીના પ્રથમ દિવસે વહેલી સવારથી જ ભક્તોની ભારે ભીડ ઉમટી છે. પંચમહાલના પ્રસિદ્ધ શક્તિપીઠ પાવાગઢ મહાકાળી મંદિરે ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું. વહેલી સવારે ચાર વાગ્યે મંદિરના કપાટ ખૂલતાં જ હજારો માઈભક્તોએ માતાજીના દર્શન અને આરતીનો લાભ લીધો હતો. તો બનાસકાંઠાના અંબાજીમાં પણ હજારો માઈભક્તોએ મા અંબાના દર્શન કર્યાં. આ વખતે એક નોરતું ઓછું છે. ૬ વર્ષ પછી આવો યોગ રચાયો છે. ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ દરેક મંદિરોમાં ભક્તોની ભીડ જોવા મળી છે. અમદાવાદની નગરદેવી ભદ્રકાળી મંદિર હોય કે શક્તિપીઠ બહુચરાજી મંદિર હોય ચૈત્રી નવરાત્રિની શરૂઆત ભક્તિભાવ સાથે થાય છે. પ્રથમ દિવસે શાસ્ત્રોક્ત વૈદિક મંત્રોચ્ચાર સાથે ઘટ સ્થાપનની વિધિ યોજાઈ હતી.

આ સાથે સાથે ગુજરાત અને મહારાષ્ટ્રના સરહદ વિસ્તારમાં આવેલા સપ્તશ્રૃંગી દેવીના મંદિરે હજારો ભક્તોની ઉમટ્યા હતા. પંચમહાલ જિલ્લાના પ્રસિદ્ધ શક્તિપીઠ પાવાગઢ મહાકાળી મંદિરે ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું. આજે વહેલી સવારે ચાર વાગ્યે મંદિરના કપાટ ખૂલતાં જ હજારો માઈભક્તોએ માતાજીના દર્શન અને આરતીનો લાભ લીધો હતો. શ્રદ્ધાળુઓ તળેટીથી માચી સુધી અને માચીથી મંદિર સુધીના રેવાપથ પર પગપાળા યાત્રા કરતા જોવા મળ્યા હતા. ભક્તોની ભીડને ધ્યાને રાખી જિલ્લા વહીવટી તંત્રએ પણ સુચારું આયોજન કર્યું છે. કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે **3 DySP, 12 PI, 30 PSI** સાથે એક **SRP** કંપની મળી કુલ ૯૫૦થી વધુ પોલીસ કર્મીઓ ખડેપગે રહેશે. પાવાગઢ ખાતે ખાનગી વાહનો પર પ્રતિબંધ મૂકાયો છે. તેમજ **ST** બસોની ખાસ વ્યવસ્થા કરાઈ છે. પાવાગઢ યાત્રાએ આવતા ભક્તો માટે ૫૦થી વધુ **ST** બસ મુકવામાં આવી છે.

### ભારતના ઘણા સેકટરને થશે અસર

# ૨ એપ્રિલથી ટ્રંપ લગાવવા જઈ રહ્યા છે રેસિપ્રોકલ ટેરિફ

## આનાથી અબજો ડોલરના વૈશ્વિક વેપાર પર અસર થશે એટલું જ નહીં, ભારતીય નિકાસને પણ મોટો ફટકો પડી શકે છે

**(SSS)** વોશિંગ્ટન

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રંપ ૨ એપ્રિલથી તમામ દેશો પર ટેરિફ લાદવા જઈ રહ્યા છે. આનાથી અબજો ડોલરના વૈશ્વિક વેપાર પર અસર થશે એટલું જ નહીં, ભારતીય નિકાસને પણ મોટો ફટકો પડી શકે છે. ટ્રંપના આ રેસિપ્રોકલ ટેરિફના સીધા નિશાના પર ભારત છે, જેને તે 'ટેરિફ કિંગ' કહી ચૂક્યા છે. એવી આશંકા છે કે ટ્રંપ દ્વારા ટેરિફ લાદવાથી નિકાસને ૩૧ બિલિયન ડૉલર સુધીનું સંભવિત નુકસાન થઈ શકે છે.

કારથી લઈને જેનરિક સુધી ટ્રંપ દ્વારા રેસિપ્રોકલ ટેરિફ લાદવાની વ્યાપક અસર થઈ શકે છે. તાજેતરમાં ટ્રંપે આયાતી કાર અને ઓટો પાર્ટ્સ પર ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી. હવે ફાર્માસ્યુટિકલ્સ, ઈલેક્ટ્રોનિક્સ, જેમ્સ અને જ્વેલરી જેવા ક્ષેત્રોનો વારો છે. નાણાકીય વર્ષ ૨૦૨૪માં ભારતની અમેરિકામાં કુલ નિકાસ **$77.5** બિલિયન રહી હતી, જ્યારે અમેરિકાની ભારતમાં નિકાસ **$40.7** બિલિયન રહી હતી. અમેરિકા ભારતમાં ત્રીજા નંબરનું સૌથી મોટું રોકાણકાર છે. આના કારણે ૨૦૦૦થી અત્યાર સુધી ૬૭.૭૬ બિલિયન ડૉલરનું **FDI** થયું છે, તેથી ટ્રંપના ટેરિફની ભારત પર અસર થવાની શક્યતા પણ વધારે છે.

એવી અપેક્ષા રાખવામાં આવે છે કે ટેરિફની દેશના ફાર્માસ્યુટિકલ સેક્ટર પર વધુ અસર પડશે. હાલમાં અમેરિકા ફાર્માની આયાત પર ન્યૂનતમ ટેરિફ લાદે છે. ભારત અમેરિકન ફાર્મા પ્રોડક્ટ્સ પર ૧૦ ટકા ટેરિફ લાદે છે. આવી સ્થિતિમાં, હવે આ ક્ષેત્ર પણ સીધા રેસિપ્રોકલ ટેરિફના દાયરામાં આવશે.

ઉદ્યોગ નિષ્ણાતોએ આ અંગે ચિંતા વ્યક્ત કરી છે અને કહ્યું છે કે વિતરકો અને ઉત્પાદકો માટે વધારાના ખર્ચનો બોજ ઉઠાવવો મુશ્કેલ બનશે. ભારત યુ.એસ.માં જેનરિક દવાઓનો સૌથી મોટો સપ્લાયર હોવાથી, કોઈપણ ઘટાડો તાત્કાલિક થવાને બદલે ધીમે ધીમે થવાની શક્યતા છે. અન્ય ઘણા નિષ્ણાતો એમ પણ કહે છે કે ઘણી ભારતીય ફાર્મા કંપનીઓ યુ.એસ.માં પહેલાથી જ ઓછા નફાના માર્જિન (૫ થી ૨૦ ટકાની વચ્ચે) પર કામ કરી રહી છે, તેથી તેમણે ઉચ્ચ ટેરિફ લાદતા પહેલા તેમની ઉત્પાદન વ્યૂહરચના પર પુનર્વિચાર કરવાની જરૂર છે.

ટ્રંપ દ્વારા રેસિપ્રોકલ ટેરિફ લગાવ્યા દરમિયાન સન ફાર્મા, સિપ્લા, લ્યુપિન, ડૉ. રેડ્ડીઝ, ડિવીઝ લેબ્સના શેરો પર નજર રાખવાની જરૂર છે. આ સિવાય ડિકસન ટેક્નોલોજિસ અને કેનેસ ટેક જેવી ટેક કંપનીઓના શેરની સાથે ગોલ્ડ અને જ્વેલરી સેગમેંટમાં માલાબાર ગોલ્ડ, રેનેસા જ્વેલરી, રાજેશ એક્સપોર્ટ્સ અને કલ્યાણ જ્વેલર્સ પર પણ નજર રાખવાની જરુર છે. આ સાથે, અમેરિકા અને ભારત વચ્ચેના વેપારને લઈને વધતા તણાવ અને ગ્રાહકો દ્વારા ઓછા ખર્ચને કારણે ઈન્ફોસિસ અને **TCS** જેવી કંપનીઓને નાણાકીય સંકટનો સામનો કરવો પડી શકે છે.

### ગૃહ મંત્રાલયે જાહેર કરી નોટિફિકેશન

# મણિપુર, નાગાલેન્ડ અને અરૂણાચલમાં ૬ મહિના માટે વધારાયું AFSPA

## નોટિફિકેશન અનુસાર, નાગાલેન્ડ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની વધુ સમીક્ષા કરવામાં આવી છે

**(SSS)** નવી દિલ્હી

કેન્દ્ર સરકારે હાલની પરિસ્થિતિને જોતાં પૂર્વોત્તરના ત્રણ રાજ્યો મણિપુર, નાગાલેન્ડ અને અરૂણાચલ પ્રદેશમાં આર્મ્ડ ફોર્સિસ સ્પેશિયલ પાવર્સ એક્ટ **(AFSPA)**ને ૬ મહિના સુધી લંબાવ્યો છે.

ગૃહમંત્રાલયની નોટિફિકેશન અનુસાર, કેન્દ્ર સરકાર દ્વારા મણિપુર રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કર્યા બાદ સશસ્ત્ર દળ અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૩ દ્વારા મળતી તાકાતનો પ્રયોગ કરતા ૫ જિલ્લાના ૧૩ પોલીસ સ્ટેશનના અધિકાર ક્ષેત્રમાં આવતા વિસ્તારોને છોડીને સંપૂર્ણ મણિપુર રાજ્યને તારીખ ૧ એપ્રિલ ૨૦૨૫થી ૬ મહિના સુધી એટલે કે આગામી નોટિફિકેશન ન આવે ત્યાં સુધી વિસ્તારને અશાંત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવશે.

નોટિફિકેશન અનુસાર, નાગાલેન્ડ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની વધુ સમીક્ષા કરવામાં આવી છે અને **AFSPA** ૬ મહિના માટે લંબાવવામાં આવ્યો છે. નાગાલેન્ડના જે જિલ્લાઓમાં **AFSPA** ફરીથી લાગુ કરવામાં આવ્યો છે, તેમાં દિમાપુર, નિઉલેન્ડ, ચુમોકેડિમા, મોન, કિફિરે, નોકલાક, ફેક અને પેરેનનો સમાવેશ થાય છે. કોહિમા જિલ્લામાં ખુઝામા, કોહિમા ઉત્તર, કોહિમા દક્ષિણ, ઝુબ્ઝા અને કેઝોચા પોલીસ સ્ટેશનના અધિકારક્ષેત્ર હેઠળ આવતા વિસ્તારો, મોકોકચુંગ જિલ્લાના માંગકોલેમ્બા, મોકોકચુંગ-૧, લોંગથો, તુલી, લોંગચેમ અને અનાકી સી સામેલ છે.

ગૃહ મંત્રાલય દ્વારા જારી નોટિફિકેશન અનુસાર, મણિપુરના અમુક ક્ષેત્રોમાં અશાંતિ અને હિંસાની સ્થિતિને ધ્યાનમાં લેતાં પગલાં લેવામાં આવ્યા છે. **AFSPA** હેઠળ સશસ્ત્ર દળો કોઈપણ શંકાશીલ વ્યક્તિની ધરપકડ, તપાસ કરી શકે છે, તેમજ જરૂર પડવા પર ગોળી પણ મારી શકે છે. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ તેમજ શાંતિ સુનિશ્ચિત થાય તે હેતુ સાથે **AFSPA** ને લંબાવવામાં આવ્યો છે. રાજ્ય ઉગ્રવાદી અને અલગાવવાદી સમુદાયોની હિંસાનો સામનો કરી રહ્યું છે. ઉલ્લેખનીય છે, મણિપુરના અમુક ખાસ ૧૩ વિસ્તારોને **AFSPA** થી બાકાત રાખવામાં આવ્યા છે. આ વિસ્તારોની સ્થિતિમાં સુધારો નોંધાયો હોવાથી તેમજ શાંતિ સ્થાપિત થઈ હોવાના સંકેતો સાથે સરકારે તેને **AFSPA** થી મુક્ત કર્યા છે. **AFSPA** એ એક એવો કાયદો છે, જે ભારતીય સેના અને અન્ય સુરક્ષા દળોને વિશેષ અધિકાર આપે છે. જેથી તે ઉગ્રવાદ, આતંકવાદ જેવા સંકટગ્રસ્ત વિસ્તારોમાં શાંતિ અને સુરક્ષા સ્થાપિત કરી શકાય. આ કાયદા હેઠળ સેનાને સંદિગ્ધ લોકોની ધરપકડ કરવા, તપાસ કરવા તેમજ તેમની વિરૂદ્ધ કાર્યવાહી કરવાની સત્તા મળે છે. કોઈપણ કોર્ટના આદેશ વિના તેઓ આ કાર્યવાહી કરી શકે છે. આ કાયદો વિવાદાસ્પદ પણ છે, કારણકે, સુરક્ષા દળોને વધુ સત્તા મળે છે. જેથી અમુક કિસ્સામાં માનવાધિકારનું ઉલ્લંઘન થતું હોવાની શક્યતા રહે છે.

### ૧૦થી વધુ મકાનોને નુકસાન, જાનહાનિ ટળી

# તાપીના વ્યારામાં બાંધકામ સાઈટ પર ગેસનો બાટલો બ્લાસ્ટ થયો

## વ્યારાના ખટરફળિયા વિસ્તારમાં રવિવારે બાંધકામ સાઈટની પાસે શ્રમિકોની ઝૂંપડપટ્ટીમાં વિકરાળ આગ લાગી હતી

**(SSS)** તાપી,

ગુજરાતના તાપીના વ્યારાના ખટારફળિયામાં રવિવારે (૩૦ માર્ચ) બાંધકામ સાઈટ પાસેની ઝૂંપડપટ્ટી પર ગેસ સિલિન્ડર બ્લાસ્ટ થવાના કારણે વિકરાળ આગ લાગી હતી. જેના કારણે ત્યાં નાસભાગ મચી ગઈ હતી. સમગ્ર ઘટનાની જાણ થતાં ફાયર વિભાગ તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે પહોંચ્યું હતું અને ઝૂંપડપટ્ટીમાં લાગેલી આગને ગણતરીના સમયમાં ઓલવી નાંખી હતી. જોકે, આગ ઓલવ્યા બાદ ફાયર વિભાગને ઝૂંપડામાંથી ૨૩ થી ૨૪ જેટલાં રાંધણ ગેસના સિલિન્ડર મળી આવ્યા હતાં. જેના કારણે રાંધણ ગેસના સિલિન્ડરના કૌભાંડ વિશે આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. વ્યારાના ખટરફળિયા વિસ્તારમાં રવિવારે બાંધકામ સાઈટની પાસે શ્રમિકોની ઝૂંપડપટ્ટીમાં વિકરાળ આગ લાગી હતી. ગેસનો બાટલો બ્લાસ્ટ થવાના કારણે ત્યાં હાજર દસેક જેટલાં ઝૂંપડા બળીને ખાખ થઈ ગયા હતાં. જોકે, શ્રમિકો પોતાના કામ માટે ગયા હોવાના કારણે કોઈ જાનહાનિ નોંધાઈ નથી. પરંતુ, શ્રમિકોનો તમામ સામાન બળી જવાથી નુકસાન થયું છે. સમગ્ર ઘટનાની જાણ થતાં ફાયર વિભાગ તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે પહોંચ્યું અને આગ ઉપર કાબૂ મેળવી લીધો હતો. ફાયર વિભાગના અધિકારીએ જણાવ્યું કે, ઘટનાની જાણ થતાં જ અમારી ટીમ તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. અહીં આવીને જોયું તો આગ વિકરાળ હતી. રાંધણ ગેસનો બાટલો બ્લાસ્ટ થયો હતો, જેના કારણે આગ લાગી હતી. અહીં હાજર તમામ લોકોને અમે આગના સ્થળથી દૂર કરી તાત્કાલિક ધોરણે આગ ઓલવવાની કામગીરી શરૂ કરી હતી. આશરે દોઢ કલાકની ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવી શકાયો છે. આગ લાગવાના કારણ વિશે વાત કરતાં અધિકારીએ જણાવ્યું કે, અહીં મજૂરોના ૧૦ જેટલાં ઝૂંપડા છે. તેઓ અહીં રાંધતા સમયે જમવાનું બનાવવા માટે લાકડાં જેવું કંઈ સળગાવ્યું હશે અને એ સળગતું મૂકીને કામ કરવા જતા રહ્યા હશે. જેના કારણે આગ પકડાઈ હશે અને બાદમાં ગેસના સિલિન્ડર સાથે સંપર્કમાં આવતા સિલિન્ડર બ્લાસ્ટ થયો હશે. નોંધનીય છે કે, આ ઘટનામાં ફાયર વિભાગને અહીંથી ૨૩ થી ૨૪ જેટલા ગેસના સિલિન્ડર મળી આવ્યા છે. ત્યારે પ્રશ્ન એ થાય છે કે, અહીં આટલા બધા ગેસના સિલિન્ડર ક્યાંથી આવ્યા? શું અહીં ગેસ સિલિન્ડરનો કોઈ કૌભાંડ ચાલી રહ્યો છે કે કેમ? પોલીસે હાલ આ મામલે ફાયર વિભાગ સાથે મળીને વધુ તપાસ હાથ ધરી છે.

ચેટીચાંદ મહોત્સવમાં નીતિન પટેલનું વિવાદિત નિવેદન

# પાકિસ્તાનમાં અત્યાચાર અને મુસ્લિમોનો અત્યાચાર ભૂલવાનો નથી : નીતિન પટેલ

## મહારાષ્ટ્રમાં ઔરંગઝેબનું ભૂત પાછું ધૂણે છે : નીતિન પટેલ



**(SSS) મહેસાણા**

મહેસાણામાં સિંધી સમાજ દ્વારા આયોજન કરવામાં આવેલા ચેટીચાંદ મહોત્સવમાં પૂર્વ નાયબ CM નીતિન પટેલે વિવાદિત નિવેદન આપ્યું છે. ઔરંગઝેબ વિવાદ અને મુસ્લિમો દ્વારા કરવામાં આવેલા અત્યાચાર પર પૂર્વ નાયબ CM નીતિન પટેલે વિવાદિત નિવેદન આપ્યું છે. નીતિન પટેલે સ્ફોટક નિવેદન આપતા કહ્યું હતું કે પાકિસ્તાનમાં અત્યાચાર અને મુસ્લિમોનો અત્યાચાર ભૂલવાનો નથી. તેમણે આપણા અનેક મંદિરો તોડી મસ્જિદો બનાવી છે. આ સાથે જ તેમણે જણાવ્યુ હતુ કે ઉત્તર પ્રદેશના સીએમ યોગી આદિત્યનાથ ધીમે ધીમે બધુ પાછુ લાવી રહ્યાં છે. આપણે સહકાર આપવાનો, માત્ર જોઈ નહીં રહેવાનું જરુર પડે ત્યારે મદદ કરવા માટે પણ જણાવ્યું છે. નીતિન પટેલ કાર્યક્રમમાં વધુમાં જણાવ્યું કે ઔરંગઝેબનું ભૂત પાછુ ધૂણે છે. મહારાષ્ટ્રમાં મરાઠાઓ પણ આનો કાંઈક ઉપાય કરશે. સીએમ દેવેન્દ્ર ફડણવીસ ઉપાય કરશે. જે લોકોએ આપણા પર અત્યાચાર કર્યો, બેન દીકરીઓની આબરૂ લૂંટી, દીકરીઓને ઉપાડી જઈ ધર્માંતર કરી ફરજિયાત લગ્ન કર્યા , તે કલંકરૂપ ભૂતકાળ ભૂલીને એમાં તકલીફ પડી હોય એને મદદરૂપ થવાનું છે. સિંધી સમાજના ચેટી ચાંદ મહોત્સવમાં નીતિન પટેલનું નિવેદન આપતા વધુમાં જણાવ્યું કે સિંધીઓ ગરીબ હશે પણ કદી ભીખ નથી માંગી. ગુજરાત કે ભારતમાં સિંધીઓ કદી ભીખ માંગતા મેં નથી જોયા. અડવાણીજી પાકિસ્તાનમાંથી સિંધીઓની જેમ ભારતમાં આવેલા છે. ભારતમાં આવીને રાજકીય સામાજિક સેવાકીય ક્ષેત્રે કામ કર્યું છે. લાલકૃષ્ણ અડવાણી જી પણ સિંધી સમાજ અને ભારતનું ગૌરવ છે.

યાત્રિકોમાં પણ ભારે ઘસારો જોવા મળ્યો

# ચૈત્રી નવરાત્રીનો અંબાજીમાં વિધિવત્ત રીતે પ્રારંભ થયો

**(SSS) અંબાજી,**

આજથી ચૈત્રી નવરાત્રીનો અંબાજી ખાતે વિધિવત્ત પ્રારંભ થયો છે. જેને લઈ યાત્રિકોમાં પણ ભારે ઘસારો જોવા મળી રહ્યો છે. આમ તો આસો માસની નવરાત્રીમાં નવ દિવસ ગરબાની રમઝટ જામતી હોય છે. ત્યારે આ ચૈત્રી નવરાત્રીમાં આજથી માતાજીનાં ચાચર ચોકમાં માં અંબાના નામની અખંડ ધુનની શરૂઆત કરવામાં આવી છે. આ અખંડ ધુન નવે દિવસ રાત અને દિવસ ૨૪ કલાક ઉભા પગે કરવામાં આવશે. અંબાજી મંદિરમાં ચૈત્રી નવરાત્રી દરમિયાન થતી આ અખંડ ધુન ભારતદેશની આઝાદી પૂર્વે ૧૯૪૧માં પ્રજા ઉપર આવી પડેલી આપત્તીઓનાં નિવારણ અર્થે શરૂ કરવામાં આવી હતી. જે અખંડ ધુન આજે પણ મહેસાણાં જિલ્લાનાં ૧૫૦ ઉપરાંતનાં શ્રધ્ધાળુંઓનાં સંગઠન દ્વારા આ પરંપરાને ૮૩ વર્ષથી જાળવી રાખવામાં આવી છે. આગામી સમયમાં પણ આ અખંડ ધુન પરંપરા મુજબ ચાલુ રખાશે તેમ આયોજકોનું માનવું છે. અંબાજી અખંડ ધુનમાં આવતા આ યાત્રિકો ૯ દિવસ તેલથી બનાવેલું ભોજન જમતા નથી. એટલું જ નહી, આ અખંડ ધુનમાં મહીલાઓને સામેત કરવામાં આવતી નથી.

શ્રીકૃષ્ણ-રૂક્ષ્મણીજીના વિવાહ ઉત્સવની ઉજવણી કરાશે

# પોરબંદર: માધવપુરનો મેળો ૭ઠ્ઠી એપ્રિલથી થશે શરૂ

## માધવપુર મેળામાં ઉત્તર પૂર્વ તથા ગુજરાતના લોક કલાકારો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કરવામાં આવશે

**(SSS) પોરબંદર,**

ગુજરાતના પોરબંદર નજીક માધવપુર ઘેડનો મેળો યોજાય છે. દર વર્ષે ચૈત્ર મહિનામાં ભગવાન શ્રીકૃષ્ણ અને રૂક્ષ્મણીજીના વિવાહ ઉત્સવની ઉજવણી કરવામાં આવે છે, ત્યારે આગામી ૬ એપ્રિલથી ૧૦ એપ્રિલ દરમિયાન ઘેડના મેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સૌરાષ્ટ્રના દરિયા કિનારે પોરબંદર જિલ્લામાં યોજાવનારા માધવપુર મેળામાં ઉત્તર પૂર્વ તથા ગુજરાતના લોક કલાકારો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કરવામાં આવશે. જેમાં ભગવાન શ્રીકૃષ્ણ અને રુક્ષ્મણીજીની લગ્નકથા, ભગવાન શ્રીકૃષ્ણ અને રુક્ષ્મણીજીનો પ્રેમ સહિતના સાંસ્કૃતિક કાર્યક્રમો નીહાળવા મળશે. આ સાથે મેળામાં ગુજરાત સહિત ઉત્તર પૂર્વના રાજ્યોના હસ્તકલાના કારીગરોને સ્ટોલ આપીને ઉદ્યોગ સાહસિક બનાવવા માટે પ્લેટફોર્મ પૂરુ પાડવામાં આવશે. પોરબંદરથી ૪૬ કિલોમીટર દૂર પૌરાણિક ઐતિહાસિક અને વિરાસત ધરાવતું માધવપુર ગામ ભગવાન શ્રી કૃષ્ણ અને રુક્ષ્મણીજીના વિવાહનું સાક્ષી હોવાનું માનવામાં આવે છે. માધવપુર ઘેડ મેળામાં ચાર દિવસ બાદ પાંચમા દિવસે દ્વારકામાં માતા રુક્ષ્મણીનો સત્કાર સમારંભ ભવ્ય રીતે ઉજવાય છે.

# ૩ એપ્રિલ સુધીમાં ૧૮ જિલ્લામાં પવન સાથે વરસાદની આગાહી

## વાદળછાયું વાતાવરણના કારણે ગરમીમાંથી આંશિક રાહત મળશે પરંતુ ખેડૂતોની ચિંતા વધશે

**(SSS) અમદાવાદ,**

રાજ્યમાં હાલ તો ઉનાળો ચાલી રહ્યો છે પરંતુ ૨૪ કલાક બાદ વાતાવરણમાં પલટો આવવાની શક્યતા છે. મહારાષ્ટ્ર પર એક સિસ્ટમ સક્રિય થશે. જેની અસર ગુજરાતના વાતાવરણ પર થશે. વાદળછાયું વાતાવરણના કારણે ગરમીમાંથી આંશિક રાહત મળશે પરંતુ ખેડૂતોની ચિંતા વધશે. ગુજરાતમાં થંડર સ્ટોર્મ એક્ટિવિટીના કારણે પવનની ગતિ તેજ રહેશે. આ સાથે હવામાન વિભાગની અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ થવાની આગાહી છે. હવામાન અંગેની આગાહીને કારણે ગુજરાતના તાતના માથે ચિંતાના વાદળો છવાયા છે. ગુજરાતમાં થંડર સ્ટોર્મ એક્ટિવિટીના કારણે પવનની ગતિ તેજ રહેશે. ભારે પવન ફૂંકાય તો બાગાયતી પાકને નુકસાન થવાની શક્યતાઓ રહે છે. તેમજ ૩૧ માર્ચથી ત્રણ એપ્રિલ દરમિયાન હવામાનમાં પલટો આવશે. થંડરસ્ટ્રોમ એક્ટિવિટી સાથે સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે, ૩૧ માર્ચના એટલે કે સોમવારના રોજ નર્મદા, તાપી, ડાંગમાં સામાન્ય વરસાદની શક્યતાઓ છે. જ્યારે ૧ એપ્રિલ મંગળવારના દિવસે છોટાઉદેપુર, નર્મદા, સુરત, ભરૂચ, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ, દાદરા નગર હવેલી, અમરેલી અને ભાવનગરમાં થંડરસ્ટ્રોમ એક્ટિવિટી થવાની આગાહી છે. એટલે કે, ગાજવીજ સાથે ૪૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાશે અને સામાન્યથી મધ્યમ વરસાદની શક્યતા છે. બીજી એપ્રિલના રોજ અરવલ્લી, ખેડા, આણંદ, મહિસાગર, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટાઉદેપુર,ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી, બોટાદ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથમાં ગાજવીજ સાથે ૪૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાશે.

વાહન ચાલકો માટે બ્રિજ બન્યો જોખમી

# રાજકોટમાં ગોંડલ ચોકડી પર બ્રિજનો જોઈન્ટ છુટો પડી ગયો

## થોડા સમય પહેલાં લોકાપર્ણ કરવામાં આવેલા આ બ્રિજનો વીડિયો વાઈરલ થતાં તંત્રમાં હરકત મચી જવા પામી છે

**(SSS) રાજકોટ,**

રાજકોટ શહેરના ગોંડલ ચોકડી નજીક આવેલા નવનિર્મિત નેશનલ હાઈવે ઓથોરિટીના બ્રિજની લોખંડની પટ્ટીઓ તૂટી ગઈ છે. થોડા સમય પહેલાં લોકાપર્ણ કરવામાં આવેલા આ બ્રિજનો વીડિયો વાઈરલ થતાં તંત્રમાં હરકત મચી જવા પામી છે. રાજકોટ-ગોંડલને જોડતા બ્રિજ પર લોખંડનો જોઈન્ટ છૂટો પડી ગયો છે. જોઈન્ટની પટ્ટી નીકળતાં અકસ્માતની સંભાવના વધી જવા પામી છે અને લોકોમાં ભયનો માહોલ છે. આ વીડિયોમાં હાઈવે ઓથોરિટીની બેદરકારી અને કૌભાંડની બૂ આવી રહી હોવાની ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. જાગૃત નાગરિક દ્વારા વીડિયો શેર કર્યા બાદ નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા રીપેરીંગ હાથ ધરવામાં આવ્યું હતું. રીપેરીંગ ટીમના સુપરવાઈઝરે જણાવ્યું હતું કે કોઈ વ્યક્તિએ લોખંડની પટ્ટીઓ ચોરી કરવાના ઈરાદે આ કૃત્યું કર્યુ હોવાની આશંકા છે. વારંવાર આવી ચોરી થતી હોવાથી આ મામલે નેશનલ હાઈવે ઓથોરિટીનાં ઉચ્ચ અધિકારીઓને પણ જાણ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે આ બ્રિજ પરથી દરરોજ હજારો વાહનોની અવરજવર થાય છે. ત્યારે લોખંડની પટ્ટીઓ નીકળી ગઈ હોવાથી અકસ્માત ન સર્જાઈ તે માટે હાઈવે ઓથોરિટી દ્વારા બેરીકેટ મૂકીને રીપેરિંગ કામ શરૂ કરી દેવામાં આવ્યું છે. ાોડા સમય પહેલાં લોકાપર્ણ કરવામાં આવેલા આ બ્રિજનો વીડિયો વાઈરલ થતાં તંત્રમાં હરકત મચી જવા પામી છે.

બાપુનગરની હદમાં યુવકને બેરહેમીથી માર માર્યો

# નિકોલ પોલીસના સ્ટાફે યુવકને બેરહેમીથી માર માર્યો

**(SSS) અમદાવાદ**

ઠક્કરનગર ચાર રસ્તા પર ખાણીપીણીની અનેક લારીઓ આવેલી છે. જ્યાં સામાન્ય રીતે રાતના સાડા બાર વાગે બાપુનગર પોલીસ લારી ગલ્લા બંધ કરાવે છે. શનિવારે રાતના સમયે ઠક્કરનગર ચાર રસ્તા પાસે ફુડ શોપના વેપારીઓ લારી બંધ કરવાની તૈયારીઓ શરૂ કરી હતી. ત્યારે નિકોલ પોલીસ સ્ટેશનની પીસીઆર વાનમા આઉટ સોર્સ ડ્રાઈવર અને એક હોમગાર્ડ જવાને અચાનક આવીને ફુડ સ્ટોલના માલિકો અને તેમના સ્ટાફને ધમકાવીને એક યુવકને માર માર્યો હતો. જેમાં પગમાં અનેક લાકડીઓ મારી ત્યારે ગુપ્તાંગ પર પણ લાકડીથી ઈજા થઈ હતી. વેપારીઓએ આક્ષેપ લગાવ્યો હતો કે બાપુનગર પોલીસની હદ હોવા છતાંય, નિકોલ પોલીસના સ્ટાફે આવીને દાદાગીરી કરવાની ઘટના ગંભીર છે. અને આ અંગે કાયદાકીય કાર્યવાહી કરવા માંગણી કરી છે. ઠક્કરનગર ચાર રસ્તા પાસે ખાણીપીણીની અનેક લારીઓ આવેલી છે. જે બાપુનગર પોલીસ સ્ટેશનની હદમાં છે. શનિવાર વારે રાતના સાડા બાર વાગે બાપુનગર પાલીસના સ્ટાફે આવીને લારી ગલ્લા બંધ કરવાની સુચના આપતા વેપારીઓ બંધ કરવાની તૈયારી કરી રહ્યા હતા.ત્યારે નિકોલ પોલીસ સ્ટેશનની પીસીઆર વાનમાં એક હેડ કોસ્ટેબલ અને ડઈવર આવ્યા હતા. તેમણે દાદાગીરી કરીને લારી ગલ્લા બંધ કરવાનું કહીને ગેરવર્તન કર્યું હતું. જેથી સ્થાનિક વેપારીઓએ તેમને શાંતિથી વાત કરવાનું કહેતા હેડ કોન્સ્ટેબલે રામ ઢોસાનો વ્યવસાય કરતા વ્યક્તિને ત્યાં કામ કરતા વ્યક્તિ પર લાકડીઓથી ફરી વળ્યો હતો અને અપશબ્દો પણ કહ્યા હતા. આ દરમિયાન તે વ્યક્તિના ગુપ્તાંગ પર પણ લાકડી વાગી હતી. જેથી આસપાસના વેપારીઓએ વિરોધ કરતા હેડ કોન્સ્ટેબલ પીસીઆર વાનમા ત્યાંથી પુરઝડપે નાસી ગયા હતા. બીજી તરફ ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સમાં સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો. આ બનાવ બાદ ઠક્કરનગર ચાર રસ્તા પર ધંધો કરતા ફુડ સ્ટોલના સંચાલકોએ નિકોલ પોલીસ સ્ટેશન પર પહોંચ્યા હતા. જ્યાં હેડ કોન્સ્ટેબલે ફરીથી તેમની સાથે દાદાગીરી કરી હતી. આ બાબતે સ્થાનિક લોકોએ જણાવ્યું કે અમારો વ્યવસાયની જગ્યા બાપુનગર પોલીસ સ્ટેશનની હદમાં છે. તેમ છતાંય, નિકોલ પોલીસે આવીને માર મારવાની ઘટના ગંભીર છે. જેથી આ અંગે જવાબદાર પોલીસ કર્મચારીઓ વિરૂદ્ધ આકરી કાર્યવાહી થવી જોઈએ અને આ બાબતે ઉચ્ચે પોલીસ અધિકારીઓને રજૂઆત કરાશે.


